'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
મૈત્ર્યાદિ ૪ ભાવના, પરોપકાર અને કૃતજ્ઞતાભાવની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર મૈત્રી અને પરોપકાર

|| ૧ ||




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય
સંકલન : પંન્યાસ વજસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**

॥ श्री शिवंकराय भद्रंकराय नमोनमः ॥

પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજા



मयि तद्रुपं सोऽहं ।

પરમાત્માનું રૂપ મારામાં છે અને તે જ હું છું.

આગમન : સંવત ૧૯૫૯ ને માગશર સુદ ત્રીજ (ઇ.સ.૧૯૦૨)

ઉર્ધ્વગમન : સવંત ૨૦૩૬ ને વૈશાખ સુદ ચૌદસ (ઇ.સ.૧૯૮૦)

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ



શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





**આ QR Code ઉપર મોબાઈલથી સ્કેન કરતાં જ આપને 'હસ્તાક્ષર થીમ સોંગ' સાંભળવા મળશે.**

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નાં ૬૮ ગ્રંથોમાંથી ઉદ્ધૃત કરેલ
મૈત્ર્યાદિ ૪ ભાવના, પરોપકાર અને કૃતજ્ઞતાભાવની અનુપ્રેક્ષાઓનો સંપૂટ

# પરમ ભદ્રંકર મૈત્રી અને પરોપકાર

॥ ૧ ॥




પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય
સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય ❋ આચાર્ય હેમપ્રભસૂરિ

**PARAM BHADRANKAR MAITRI ANE PAROPKAR**

Personal Diaries comprising of Divine thoughts regarding Maitri, Promod, Karuna, Madhystha, Paropkar and Krutgnta Bhav by Panyashshri Bhadrankar Vijayji Maharaj.

---

**VOLUME - 1 / 9**

Year 2023 • સંવત્ ૨૦૭૯ • 1000 Copies / 120 Pages • For Private Circulation only.

---

**PUBLISHER**

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Vadodara / Rajkot

team@mindfiesta.com

---

**SPONSOR**

Shri C. K. Mehta
Vadodra | Mumbai

---

**ENHANCED & DESIGNED BY**

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 1.
bharti@mindfiesta.com
+91 98252 15500

**eBOOKS AVAILABLE AT**

- www.bhadrankar.com
- www.navkarday.com
- Amazon Kindle
- Telegram : HastaksharNuAkshayPatra





હાં...'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ખરેખર અક્ષય છે. તેનાં ૬૮ ભાગમાંથી નવકાર મંત્રના ચિંતનોનો સંગ્રહ કરી ૯ ભાગ કર્યા પછી હવે મૈત્ર્યાદિ ૪ ભાવના, પરોપકાર, કૃતજ્ઞતાને લગતાં પૂજ્ય અધ્યાત્મયોગી પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યના અપૂર્વ ચિંતનોનો સંગ્રહ પણ આત્મભાવને ઉજાગર કરે એવો છે. આવો, તેમાંથી મૈત્રીનું ચિંતન જોઈએ:

(૧) મૈત્રીભાવથી ક્ષમા વિકસે છે. જ્યાં બધાં મિત્ર છે, ત્યાં કોના ઉપર ક્રોધ? મૈત્રીનો સાધક ક્રોધ ન કરે, સદા શાંત જ રહે. (૨) મૈત્રીભાવથી નમ્રતા આવે. સૌ સમાન છે, ત્યાં અભિમાન કેવું? મૈત્રીભાવનો સાધક રૂપ, ગુણ કે ઐશ્વર્યનું અભિમાન ન કરે, તે નિરાભિમાન જ રહે. (૩) મૈત્રીભાવથી સરલતા પ્રાપ્ત થાય. જ્યાં મિત્રતા જ વર્તે, ત્યાં જુદાઈ કેવી? મૈત્રીભાવનો સાધક કોઈ પ્રકારની કપટક્રિયા કરવાનું વલણ ન ધરાવે, સરળતાને જ ધારણ કરે. (૪) મૈત્રીભાવથી સંતોષ અનુભવે. મિત્રતા જ વર્તે, ત્યાં તૃષ્ણા ક્યાંથી? મૈત્રીસાધક પાસે કાંઈ ન હોય, તો પણ સંતોષનું પરમ સુખ અનુભવે.

ખરેખર જો આપણો આત્મા આ ૪ ભાવનાઓથી ભાવિત થઈ જાય, તો આ ભવમાં આત્મવિકાસ સધાઈ જાય! આ લઘુ પુસ્તિકાના પ્રથમ ભાગને આપણા સુધી પહોંચાડવામાં વડોદરા-મુંબઈના સુશ્રાવકરત્ન **સી.કે.મહેતા**ની જબ્બર ગુરૂભક્તિ સાથેની ઉદારતા તેમ જ રાજકોટના અમારા ચિંતનોમય બનેલા સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતા**ની ભક્તિપૂર્વકની મહેનત ખૂબ જ ઉપકારક બનેલ છે.

આ. મનમોહનસૂરિ
હેમપ્રભ વિ.

# મૈત્રીના મહેરામણ હતાં...
# મારા પૂજ્ય ગુરૂમહારાજ



સન્ ૧૯૭૩માં એકવાર પૂજ્ય પંન્યાસજી મહારાજ પાસે ૯ દિવસ રહીને પરત ફર્યો કે મને જોતાંવેંત કાન્તુએ પૂછ્યું:''સાહેબજીએ આ વખતે ય તમને બરાબર ઘડયાં ને?'' મેં ઉત્તરમાં કહ્યું: ''આ વેળાએ તો તેમણે એક બહુ સરસ વાત કહી કે કુંભારને એક ચિત્તે માટલું ઘડતાં જોવાનો લ્હાવો જો મુંબઈમાં યે મળે તો જરૂર જોજો કે તે કેવી નજાકતતા અને કોમળતાથી માત્ર બહારથી જ તે ઘડાને આકાર નહીં આપતો હોય, કિન્તુ અંદરનાં અવકાશની પણ એટલી જ સંભાળ લેતો હશે! માટલું ખંડિત થાય, પછી પણ તેની ભીતરની અખિલાઈમાં ખલેલ ન પડે, તેનું ધ્યાન તે ઘડતાં સમયે જ રાખે, કેમકે માટી તો તેની પરમ મિત્ર છે.'' સાહેબજી! તમે પણ અમને બહારથી તો ઘડયાં, કિન્તુ આજે સમજાય છે કે અમારી અંદરના અવકાશનું પણ એટલું ધ્યાન રાખ્યું છે કે આ દેહરૂપી ઘડો ખંડિત થશે, પછી પણ અમારૂં ભીતર ખલેલ નહીં પામે!

જીવો સાથેની મૈત્રીની વાત તો તેમણે અનેકાનેક વાર કરેલી, પરંતુ મને પ્રતીતિ થઈ છે કે આ મહામાનવ મૈત્રીને ય નિહાળી શકતાં હશે, નહીંતર આટલું સરસ રેખાચિત્ર કોઈ મૈત્રીભાવનું કરી શકે? આ લઘુભાગમાં આકારાયેલ મૈત્ર્યાદિ ચારે ભાવના સાથે પરોપકાર અને કૃતજ્ઞતા પણ સૌના જીવનમાં પ્રસરી રહો, એ જ મનોરથ.

વડોદરા/મુંબઈ/પૂના

સી. કે. મહેતા

## મૈત્રી આદિ ચાર ભાવનાની નૂતન વર્ષે પ્રાર્થના

તરંગો મૈત્રીના નિખિલ જગમાં વિસ્તૃત બનો,
મહાકારુણ્યે સૌ જગજન સદા હે પીગળજો,
સમસ્ત પ્રાણીમાં મધુર મુદિતા ઉદ્ભવ બનો,
ઉપેક્ષા પાપોની સકલ ઉરમાં વ્યાપ્ત હોજો.

મૈત્રીભાવનો અર્થ માત્ર 'અહિત ચિંતાનો અભાવ' જ કરવામાં આવે અને હિતચિંતા કરવામાં ન આવે, તો તે કર્ણપ્રિય પૂર્ણ નથી.

સર્વ ધર્મો આખરે તો ઈશ્વરપ્રાપ્તિના જ માર્ગો છે. જેમ વર્ષાનું એક બિન્દુ અનેક બિન્દુઓ સાથે નદી-નાળાં વાટે સાગરમાં ભળે છે અને પછી તેનું આગવું અસ્તિત્વ રહેતું નથી, તેમ આત્મસાત્ થયેલાં ધર્મસાગરમાં બધા ધર્મો અલગ ન રહેતાં એક જ બની જાય છે.

એમાં કોઈ સંશય નથી કે...
મૈત્રી વગેરે ભાવનાયોગથી, શુક્લધ્યાન તથા સમતારૂપી અમૃતના પ્રભાવથી જીવ શુદ્ધિપૂર્વક મોક્ષને પામે છે.

શ્રી અર્બુદાચલની તળેટી, ભારજા, વૈ-વ-૬, સં.૨૦૬૬

## શુભ સંકલ્પ

### વર્તમાન જૈન સંઘ

મૈત્રી આદિ શુભ ભાવનાઓથી વાસિત બનો.

મૈત્રીમાં આપવાનું છે, રાગમાં લેવાનું છે.

રાગ એ સ્વાર્થપૂરતા છે, મૈત્રી એ નિઃસ્વાર્થતા છે.

આત્મસમદર્શન એ જ 'મૈત્રી' શબ્દનો પર્યાય છે.

ચતુઃશરણ દ્વારા સર્વ કષાયનો ક્ષય થાય છે,
મૈત્ર્યાદિ દ્વારા સર્વ ભાવો પોષાય છે અને
ક્ષમાદિ દ્વારા સર્વ ગુણો પ્રગટે છે.

અરિહંતના શરણાથી ક્રોધનો નાશ થાય છે તથા
મૈત્રીભાવ - ક્ષમાગુણ પ્રગટે છે.

વિશ્વઉપકારક બનવાથી મૈત્રી, દયા, મુદિતા, કારુણ્ય
આદિ સદ્ગુણો હૃદયમાં આવી વસે છે તથા
અહંકાર, અસૂયા, સ્પર્ધા, અહંતા, મમતા
આદિ દુર્ગુણો આપમેળે વિદાય લે છે.

'મૈત્રી' એટલે સ્નેહભાવ આપવો તે.

મૈત્રી અને પ્રમોદ વડે દીનાનુકંપા જન્મે છે.

દયા કરતાં બહુ પ્રધાન લાભ. શાનું લાભ? મૈત્રીનું.

કેવી મૈત્રી? વિધેયાત્મક. એવી મૈત્રી,

જે બધા જીવોને આત્મસમ જુએ, સૌનું હિત ચિંતવે.

વિધેયાત્મક મૈત્રી = આત્મસમદર્શિત્વ સર્વની હિતકામના

અને જીવોમાં રહેલ જ્ઞાનાદિ શુદ્ધ અંશો પ્રત્યે પ્રમોદ.

નિષેધાત્મક મૈત્રી = સર્વ જીવોને અદુઃખ અને

અભય આપવારૂપ જીવમાં રહેલ

કર્મજનિતાદિ અશુદ્ધ અંશો પ્રત્યે કરુણા.

ઉભય પ્રકારક મૈત્રી એ ધર્મનાં

અનાશ્રવાદિ પગથિયાઓમાં સૌથી પ્રથમ પગથિયું અથવા

ધર્મ રૂપી મહેલ કે પ્રાસાદનો પાયો છે.

નીતિ - ન્યાય અને ઔચિત્યભર્યું જીવન એટલે મૈત્રી.

મૈત્રી માટે દૃષ્ટાંત દૂધ અને પાણીનું છે.

વૈરવૃત્તિ સંસાર છે અને મૈત્રીવૃત્તિ મોક્ષ છે.

## ચાર ભાવના

ચારે ભાવનાઓમાં મૈત્રી ભાવનાનું સ્થાન પ્રધાન છે.
બાકી ભાવનાઓ મૈત્રીમાં સમાઈ જ જાય છે.

(१) <u>મૈત્રી</u> : અવિકસિત અવસ્થામાં મૈત્રી કેવળ પોતાના આત્મા જેટલી જ સંકુચિત હોય છે. વિકસિત અવસ્થામાં વિશ્વના સઘળા જીવોના હિતની ચિંતા કરે છે.

(२) <u>પ્રમોદ</u> : અવિકસિત અવસ્થામાં પ્રમોદ કેવળ પોતાના ગુણો પ્રત્યે હોય, જ્યારે વિકસિત અવસ્થામાં તે પ્રમોદનું કારણ સર્વ ગુણીજનો બને છે.

(3) <u>કરુણા</u> : અવિકસિત અવસ્થામાં કરુણાનો વિષય કેવળ પોતાનું દુઃખ હોય છે, જ્યારે વિકસિત અવસ્થામાં કરુણાનો વિષય વિશ્વના સઘળાં દુઃખી જીવો બને છે.

(४) <u>ઉપેક્ષા</u> : અવિકસિત અવસ્થામાં ઉપેક્ષાનો વિષય ધર્મ, ધર્મના સાધનો અને ધર્મી આત્માઓ હોય છે.
વિકસિત અવસ્થામાં ઉપેક્ષાનો વિષય પાપ, પાપનાં સાધનો અને પાપી આત્માઓ હોય છે.

એ જ રીતે અવિકસિત અવસ્થામાં બાળકો પોતાના પ્રત્યે મૈત્રીને ધારણ કરે, પોતાના ગુણો જોઈને આનંદ પામે, પોતાના પ્રત્યે કરુણા ધારણ કરે અને પોતાના અયુક્ત આચરણ પ્રત્યે મૌન સેવે, તે ઇષ્ટ હોય છે પણ પોતે બાળકો પ્રત્યે મૈત્રી, બાળ ગુણવાનો પ્રત્યે પ્રમોદ,

બાળ દુઃખી જીવો પ્રત્યે કરુણા અથવા બાળકોના કર્મો પ્રત્યે ઉપેક્ષા ધારણ કરી શકતો નથી.

મૈત્રી = સર્વ ઉપર આત્મા જેટલો જ પ્રેમ.

'પ્રમોદ' એટલે ગુણીજનો પ્રત્યે મૈત્રી.

'કરુણા' એટલે દુઃખી જીવો પ્રત્યે મૈત્રી.

'માધ્યસ્થ્ય' એટલે અવિનીત પ્રત્યે મૈત્રી.

મૈત્રીભાવનાના કારણે જ ધર્મ 'ધર્મ' તરીકે ઓળખાય છે.

'ધર્મ'ની વ્યાખ્યામાં શ્રી હરિભદ્રસૂરિજી કહે છે:

'મૈત્ર્યાદિ ભાવોથી યુક્ત હોય, તે જ ધર્મ.'

યોગની પહેલી દૃષ્ટિ 'મિત્રા' છે. મૈત્રી અને કરુણા-વાસિત દિલમાં જ યોગનાં બીજનું વાવેતર થઈ શકે.

# મૈત્રી વિરુદ્ધ અમૈત્રી

અમૈત્રીના દોષો અને મૈત્રીના ગુણો વિચારવા.
અમૈત્રી માનસિક પરિગ્રહ - મૈત્રી નિષ્પરિગ્રહ અવસ્થા.
અમૈત્રી એ સવિકલ્પ - મૈત્રી એ નિર્વિકલ્પ દશા.
ગાયને પહેલા જ વખત જન્મેલા એક દિવસના વાછરડા પ્રત્યે જેવો પ્રેમ હોય છે, તેવો જ પ્રેમ સર્વ જીવો પ્રત્યે રાખવો, તે વિશ્વવાત્સલ્ય રૂપ મૈત્રીભાવ છે.
લૌકિક જીવનમાં જેટલી ઉપકારકતા જળ - વાયુની છે, આધ્યાત્મિક જીવનમાં તેટલી જ ઉપકારકતા મૈત્રી-પ્રમોદની છે.

'પૂર્વે આપણે કોઈનું બગાડ્યું ન હોય,
તો આપણું આજે કોઈ બગાડે નહિ.' એ વિચાર અથવા
'મારું બગાડનાર આત્મા મોહનીય કર્મને પરાધીન છે.
હું અશાતાવેદનીય કર્મને પરાધીન છું અને
કર્મોદયને તો કોણ રોકી શકે ?'
એ વિચાર પણ મૈત્રીભાવ તરફ ખેંચી જાય છે.
મૈત્રીથી શાન્તતા - નિસ્પૃહતા - ક્ષાન્તતાની લહેર મળે છે.

આસક્તિ એ એક જાતનો પરિગ્રહ છે.

આસક્તિરૂપ પરિગ્રહના કારણે ઈર્ષ્યા અને
વારંવાર ઈર્ષ્યા થવાના કારણે અસૂયા ઉત્પન્ન થાય છે.
એમાંથી જ ક્રોધ અને દ્વેષ રૂપી દુર્ગુણો પેદા થાય છે.
ઈચ્છા અને મૂર્છા - એ બન્ને આંતરિક પરિગ્રહ છે.
'મને જ બધું સુખ મળો, મને જ સુખનાં સાધનો મળો'
એ ઈચ્છા તીવ્રપણે હોય, તેનું જ નામ 'મૂર્છા' છે.
મૂર્છામાંથી લોભ અને તૃષ્ણા પેદા થાય છે, તે પૂર્ણ
થતાં નથી, ત્યારે સંક્લેશ - માનસિક દુઃખ જન્મે છે.

આ સંક્લેશ જેટલાં પ્રમાણમાં અધિક,
તેટલાં પ્રમાણમાં જીવન અશાંતિમય બને છે.

સર્વ અનર્થોનું મૂળ આ સ્વસુખની જ માત્ર તીવ્ર ઈચ્છા છે,
તે મૈત્રીભાવથી નાશ પામે, માટે મૈત્રી એ પરમ ધર્મ છે,
યથાર્થ વૈરાગ્ય છે, સાચી નિરીહતા અને નિઃસ્પૃહતા છે.
સ્વસુખની તીવ્ર વાસના જ આત્માનો ભાવરોગ છે,
તેના પ્રતિકાર માટે મૈત્રીભાવના પરમ ઔષધરૂપ છે.

જે રીતે આપણે આપણા અત્યંત પ્રિય મિત્રને જોઈએ,
તે જ રીતે સર્વ પ્રાણીઓને જોતાં શીખવું.
મૈત્રીભાવનાનાં અભ્યાસથી ઈર્ષ્યા, અસૂયા, લોભ,
તૃષ્ણા, ઈચ્છા, મૂર્છાદિ દોષો નાશ પામે છે.
બધાનું મૂળ મૈત્ર્યાદિ ભાવોનો અભ્યાસ છે.
જેમ મિત્રના સુખની ચિંતા રહ્યાં કરે છે,
મિત્રના ગુણો જ દેખાય છે, દોષો ગૌણ બનાવીએ છીએ
તથા એના દુઃખને દૂર કરવા પ્રયત્નશીલ રહીએ છીએ,
તેમ સર્વ જીવો પ્રત્યે થવું જોઈએ.
જેમ સૂર્ય બધાને સમાન રીતે પ્રકાશ આપે છે, તેમ
આપણે સર્વ જીવોને સમાનપણે ભાવ આપવો જોઈએ.
સમસ્ત - સત્ત્વ - વિષય - સ્નેહપરિણામો મૈત્રી ।
સ્નેહરૂપ આત્મઅધ્યવસાયને
સમસ્ત જીવો જેટલો વિશાળ બનાવવો, તે મૈત્રી.
સર્વ જીવોને મિત્રની દૃષ્ટિએ અથવા
માતાના હૃદયે જોવા, તે મૈત્રીભાવ છે.

## મૈત્રીથી થતાં લાભો

મૈત્રીભાવનાથી ક્ષમા, નમ્રતા, સરલતા અને સંતોષની પ્રાપ્તિ થાય. જ્યાં બધા જ મિત્રો છે, ત્યાં ક્રોધ કોના પર? અભિમાન શા માટે? વંચના કોની? લેવાનું કોની પાસે? ક્રોધાદિ કષાયો મૈત્રીની ભૂમિકા પર નિર્બળ થઈ જાય છે,
તેને કોઈ અણગમો રહેતો નથી.

તીર્થંકરોનું શાસન અતિ ગૂઢ છે. તેનો પ્રકાશ મૈત્રીભાવનાથી ભાવિત અંતઃકરણમાં જ પડે છે. ચિત્તમાં રહેલાં દ્વેષાદિ મલો મૈત્રીભાવના રૂપી જલથી ધોવાઈ જાય છે, તેથી નિર્મલ બોધની પ્રાપ્તિ થાય છે. મૈત્રીભાવના દ્વારા
સર્વ પ્રાણીઓ તેનાં તરફથી નિર્ભય બને છે,
તેથી પોતાને પણ નિર્ભયતા પ્રાપ્ત થાય છે.

જેનો શત્રુ સમાન હોય, તે બધા જ મિત્ર કહેવાય.
અહિંસામાં મૈત્રીભાવનાનાં સાક્ષાત દર્શન થાય છે.
શ્રમણોનું જીવન સંપૂર્ણ અહિંસામય હોવાથી
તે મહાત્માઓ જીવનસ્પર્શી મૈત્રીમય હોય છે.

સ્યાદ્વાદ સિદ્ધાંત મૈત્રીભાવનાનું પરમોચ્ચ શિખર છે.

સર્વ અનિષ્ટોને દૂર કરવા માટે મૈત્રીભાવના દ્વારા થતી આત્મશુદ્ધિ સિવાય બીજો કોઈપણ ઉપાય નથી. મૈત્રી દ્વારા થતી આત્મશુદ્ધિ એજ સર્વ વિઘ્નોનો શીઘ્ર અકસિર નિરવદ્ય પ્રતિકાર છે. પરમેષ્ઠિ ભગવંતોના આત્માના પ્રદેશે પ્રદેશે મૈત્રીની ભાવના એકમેક થઈને રહેલી છે.

'સિદ્ધહ સાખ આલોઇણાહ મુજ્ઝહ વૈર ન ભાવ |'

રાત્રિની નિદ્રા પૂર્વે સાધક સર્વ સિદ્ધોની સાક્ષીએ જાહેર કરે છે કે મારા મનમાં કોઈના પ્રત્યે લેશ પણ વૈર નથી.

'પરસ્પરોપગ્રહો જીવાનામ્ |'

એકબીજા ઉપર ઉપકાર કરવો, એ જીવોનો સ્વભાવ છે. કોઈપણ જીવ બીજા ઉપર સ્વભાવથી અપકાર કરતો નથી,

કિન્તુ કર્મને પરાધીન બનવાથી

તે બીજા ઉપર અપકાર કરવા માટે પ્રેરાય છે.

સર્વ શાસ્ત્રોનો સાર મૈત્રીભાવ છે:

'આત્મનઃ પ્રતિકૂલાનિ, પરેષાં ન સમાચરેત્ |'

## જિનાજ્ઞા સર્વ જીવોની પરમ હિતકારક છે.

શ્રી આચારાંગ સૂત્રમાં કહ્યું છે : અગુત્તે અણાણાએ ।
અર્થાત્: મનોગુપ્તિના ભંગમાં શ્રી જિનાજ્ઞાનો ભંગ છે. કોઈપણ જીવનું બૂરું ચિંતવવાથી મનોગુપ્તિનો ભંગ થાય છે.

જૈનધર્મનો સૌથી પહેલો નિયમ એ છે કે
બધા જીવમાં જે જીવત્વ રહેલું છે,
તેને માટે તેના મનમાં મૈત્રી તથા માન હોવું જોઈએ. એ જીવત્વની મહત્તા અને પવિત્રતા સમજીને તેનો દ્રવ્ય - ભાવથી નાશ ન થાય, એવી ભાવના ધરાવવી જોઈએ અને તે મુજબ પોતાનું જીવન ઘડવું જોઈએ.

## મૈત્રીના ચાર પ્રકાર

(૧) ઉપકારીવિષયક મૈત્રી (૩) પરિચિતવિષયક મૈત્રી
(૨) સ્વજનવિષયક મૈત્રી તથા (૪) સર્વવિષયક મૈત્રી.

મૈત્રીથી સત્ય, શીલ, પ્રશમ, ઔદાર્ય, ધૈર્ય, ગાંભીર્ય, શૌર્ય, સૌજન્ય વગેરે વધે છે અને કૃતજ્ઞતા, વિશાળતા, સરળતા, ક્ષમતા, પરાર્થકારિતા વગેરે ગુણો સધાય છે.

## કરુણાના ચાર પ્રકાર

(૧) મોહજન્ય કરુણા (૩) સંવેગજન્ય કરુણા

(૨) દુઃખિતદર્શન કરુણા (૪) સ્વાભાવિક કરુણા.

Hypertention કે હૃદયના, રક્તના, હોજરીના રોગો એ આર્તધ્યાન, તીવ્ર ક્રોધ અને તીવ્ર ચિંતાથી જન્મે છે. આર્તધ્યાનના પરિણામ વખતે જઠરના રસો, મુખની લાળ વગેરેને આઘાત પહોંચે છે, ફેફસાં, મગજ, હૃદય વગેરેનો વેગ વધે છે. લોહી મગજ તરફ ધસે છે, તેથી શરીરનું આરોગ્ય બગડે છે. હૃદયરોગ, લોહીના દબાણ તથા Gas trouble વગેરેના રોગો ધ્યાનથી મટે છે.

અહિંસા એ કરુણાનું ફળ છે.

અહિંસાપાલનથી જીવો સાથેની મૈત્રી દૃઢ થાય છે.

જેને સ્વવિષયક કરુણા નથી,
તેને પરવિષયક કરુણા એ કરુણાભાસ છે અને
જેને પરવિષયક કરુણા નથી,
તેને સ્વવિષયક કરુણા એ કરુણાભાસ છે.

## વીતરાગભાવનો પાયો કરુણા

અહિંસા, દયા અને કરુણાની જ્યોત સૌના ઘટ-ઘટમાં સમાયેલી છે. હૃદય જ્યારે પ્રભુ માગે છે, ત્યારે એ કરુણાને જ માગે છે અને અહિંસારૂપી ખોરાક જ એને ભાવે છે. વિશ્વના સમસ્ત જીવો સાથે મૈત્રીનો સંબંધ બાંધવાની ઉદ્‌ઘોષણાની આધારશિલા હૃદયની મહાકરુણાવૃત્તિ અને જીવમાત્રના અંતરની સદ્‌વૃત્તિ ઉપરની આસ્થા જ છે. ધર્મનો આધારસ્તંભ મહાકરુણા ઉપરની આસ્થા જ છે.

વ્યક્તિ અને સમષ્ટિના જીવનમાં
કરુણાને સાકાર કરવી, એ ધર્મનું મુખ્યકાર્ય છે.
ધર્મપાલન અને પ્રચારનો હેતુ પણ એ જ છે.

માનવતાના હૃદય ઉપરની અડગ શ્રદ્ધા એ
અહિંસા, કરુણા અને માનવકલ્યાણનો મુખ્ય પાયો છે. ઈશ્વરની ઉદાત્ત ભાવના અને વીતરાગભાવનો પાયો પણ કરુણા જ છે. ધર્મ એ વહેતી સરિતાની જેમ જ સૌ કોઈનું કલ્યાણ કરવાનું સામર્થ્ય ધરાવે છે.

'ગુણીજનની સેવા એ તીર્થંકરની સેવા છે'
આને જ જૈનશાસનમાં તીર્થંકરની સેવા જેટલું મહત્ત્વ અપાયું છે.

કરુણા ભાવનાથી રહિત એવું હૃદય
પરમ કારુણિક એવા શ્રી જિનેશ્વર ભગવંતને
અને તેમનાં પ્રવચનને નહિ સમજી શકે!

હીનગુણી આત્માઓ પ્રત્યે જે કરુણાને ધારણ કરે છે,
તેના ઉપર અધિકગુણી આત્માઓની કરુણા
કુદરતી રીતે વરસે છે, એથી કરુણા અધિક ગુણવાળા
સાધકની સાથે મિલન કરાવી આપનાર એક મિત્ર છે.

જીવમૈત્રીનું અમૃત તથા ધર્મરૂપી મહાપ્રાસાદના
જે પાયા એટલે 'આત્મતુલ્ય પરજીવ'
એવી સમજણ હોવી અને
'પર પ્રત્યે આત્મતુલ્ય' વર્તન હોવું.

આસ્તિક્યનો અપર પર્યાય આત્મસમદર્શિત્વ છે.

તીર્થંકર ભગવંતોમાં દ્રવ્યકરુણા અને ભાવકરુણા
- એ બન્ને ઉત્કૃષ્ટપણે હોય છે.

## માધ્યસ્થ્યનું સાચું લક્ષણ

રાગ-દ્વેષરહિતતા અથવા પક્ષપાતરહિતતા છે.

એવું 'માધ્યસ્થ્ય' હિતચિન્તાના વિષયમાં સ્વપરનો ભેદ
મટાડી દે છે અને તેના પ્રભાવે જ પ્રભુએ ઉપદેશેલો
સામાયિકધર્મ સાચા અર્થમાં આત્મામાં પરિણામ પામે છે.
પોતાનું હિત ચાહનાર પોતાના જેવા બાળ જીવો અનંતા
છે, અનેક ભમ્યા છતાં તેઓનું હિત ન ચાહે તો તેનામાં
માધ્યસ્થ્ય સમપરિણામ અથવા સમત્વ કેવી રીતે ટકે?
સમત્વનો પરિણામ સ્થિર કરવાને માટે હિતચિન્તા
કરી સ્વપરના ભેદનો છેદ ઉડવો અનિવાર્ય છે.
હિતની ચિન્તાના વિષયમાં સ્વ-પરનો ભેદ પાડવા
જતાં પક્ષપાતયુક્તતા આવે છે, જે સમત્વને બાધક છે.
માધ્યસ્થ્ય ટકાવવા ગુણની ઉપર પ્રમોદ થવો જ જોઈએ,
દુઃખી ઉપર કરુણા જાગવી જ જોઈએ, પાપી પ્રત્યે ઉપેક્ષા
અનુભવવી જ જોઈએ. તો જ સાચી મૈત્રી અને તો જ
સાચું માધ્યસ્થ્ય અને તો જ પ્રભુભાષિત સાચું સામાયિક.

## માધ્યસ્થ્યના ૪ પ્રકાર

(૧) પાપીવિષયક માધ્યસ્થ્ય : પાપ - અહિત - અજ્ઞાન.

(૨) વિષયસુખવિષયક : દેવ આદિ ગતિનું સુખ એ દુઃખનો પ્રતિકાર માત્ર છે (તીર્થંકરો, સર્વાર્થસિદ્ધ દેવો).

(3) દુઃખવિષયક માધ્યસ્થ્ય : મહાવીર પરમાત્મા, ખંધક, ગજસુકુમાલ તથા ખંધકસૂરિ શિષ્યો.

(૪) ગુણવિષયક માધ્યસ્થ્ય : લબ્ધિઓ ક્ષયોપશમ ભાવથી પ્રગટે છે. તે અધૂરી અવસ્થા છે, તેથી તેમાં ગર્વ કેવો?

આ જગતના સર્વ વિચારો અને સર્વ વચનો પ્રત્યે સ્યાદ્વાદીને ભાવમાધ્યસ્થ્ય જ પ્રગટે. સર્વ નયાવગાહી, સર્વ નયસાપેક્ષ આત્માનો પરિણામ 'ભાવમાધ્યસ્થ્ય' છે.

ગુનાઓનું પ્રમાણ કે વેરની ઇચ્છા (આમર્ષ),
કે જે કાયદાઓથી પણ ન ઘટે,
તે સંતોના કરુણામય સદુપદેશથી ઘટે છે.

મૈત્રીભાવનામાં મોક્ષસુખનો અભિલાષ અને
સંસારસુખમાં વૈરાગ્યની બુદ્ધિ રહેલ છે.

અનેકાંત એ માધ્યસ્થ્યનો પર્યાયવાચી શબ્દ છે.
મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ પરમ મંગલ છે, તેથી તેને
પોતાના હૃદયમાં સ્થાપીને જીવન મંગલમય બનાવવું.
મૈત્રી, કરુણા, મુદિતા, ઉપેક્ષા - આ ચાર
ભાવનાઓ જ્ઞાનવિચાર છે, કારણકે તે જ્ઞાનની જેમ
જ સર્વ જીવોને નિર્દોષ દૃષ્ટિએ જોવાનું શીખવે છે.
આ ભાવનાઓનું સ્મરણ જ સંસારને મોક્ષસ્વરૂપ
બનાવનાર તથા ઈહલોકમાં જ્ઞાનજીવન જીવાડનાર છે.

આપણા હૃદયની સફાઈ માટે
મૈત્રીમય પરમેશ્વરનું સ્મરણ કરી લેવું, એ પૂરતું છે.
ઈશ્વરસ્મરણ કર્યું, તેની સાથે જ આમૈત્રી ગાયબ!

મૈત્રી = આત્મતુલ્ય ભાવ. એ આત્માનું બળ છે.

મૈત્રીભાવનને કોઈ સાધનની જરૂર નથી.

તેની નિર્ભયતા આત્મબળથી જ છે.

દાન અને પ્રેમ મળે, ત્યારે જ પ્રક્રિયા પૂરી થાય છે.
પ્રેમ અને મૈત્રી, પ્રેમ અને કરુણા - એક જ છે.

મૈત્ર્યાદિની ભાવના ચરિત્ર જ પુષ્ટ કરવાની છે કે
તેથી ચિત્ત નિર્મળ અને પ્રસન્ન થાય છે.
પ્રભુના ગુણથી મૈત્ર્યાદિ ભાવો પુષ્ટ થાય છે,
તેથી ચિત્તની પ્રસન્નતા ઉત્પન્ન થઈ
સર્વ જીવો સાથે અભેદનું અનુસંધાન થાય છે અને
પરિણામે પરમાત્મામાં આત્માનું નિષ્કપટ ભાવે
સમર્પણ થઈ આનંદઘન પદની પ્રાપ્તિ થાય છે.
ચારે ય ભાવનાનો પાયો છે આત્મૌપમ્ય યા અભેદદૃષ્ટિ.
આવી દૃષ્ટિ પ્રાણીમાત્ર પ્રત્યે મિત્રભાવ કેળવવાથી
જ પોષાય છે અને એવો મિત્રભાવ કેળવાય, તો જ
દુઃખીનાં દુઃખ દૂર કરવાની કરુણાવૃત્તિ, ગુણાધિક પ્રત્યે
પ્રમોદવૃત્તિ અને અપાત્ર પ્રત્યે તટસ્થવૃત્તિ સંભવી શકે.
શત્રુ, મિત્ર, ઉદાસીન અને પોતે -
એ ચારે ઉપર સમાન ભાવ, તે મૈત્રીની પરાકાષ્ઠા છે.
એક જીવની જીવત્વ તરીકે સ્વીકૃતિમાં સર્વની સ્વીકૃતિ
અને જીવોની અસ્વીકૃતિમાં જીવત્વ તરીકે અસ્વીકૃતિ છે.

જીવરાશિ ઉપર હિતનો પરિણામ એ મૈત્રી છે.
મૈત્રીભાવનો ધારક પરમાત્માની આજ્ઞાનો આરાધક છે.
ઉપેક્ષા એટલે માધ્યસ્થ પરિણતિ. અજીવ તત્ત્વ એ
એમ રાગ કરવા લાયક નથી, તેમ દ્વેષ કરવા લાયક
પણ નથી. એવી પરિણતિ માધ્યસ્થ પરિણતિ છે.
જીવ માત્ર પ્રત્યે મૈત્રી, અજીવ માત્ર પ્રત્યે માધ્યસ્થ
અને જીવની શુભાશુભ અવસ્થાઓ પ્રત્યે અનુક્રમે
પ્રમોદ અને કરુણા ભાવો નામસ્મરણથી કેળવાય છે.
આત્મજ્ઞાન પ્રાપ્ત થવાનું મુખ્ય સાધન વિચાર છે.
વિચાર બે રૂપે પ્રવર્તે છે: વૈરાગ્ય રૂપે અને મૈત્રી રૂપે.
જીવ પ્રત્યે મૈત્રી રૂપે અને જડ પ્રત્યે વૈરાગ્ય રૂપે.
નવકારના પ્રથમ પદમાં સમગ્ર મોક્ષમાર્ગ છે.
મૈત્રી અને ભક્તિ એ સમ્યગ્દર્શનનાં લિંગ છે.
તેની પાછળ સમ્યગ્જ્ઞાન રહેવું આવશ્યક છે. તે જ્ઞાન
એકત્વનું છે. જીવ, જગત અને જગદીશ્વરની એકતાનું
જ્ઞાન જ સાચી ભક્તિ અને મૈત્રી પ્રગટાવી શકે છે.

'નમો અરિહંતાણં' મંત્ર અને ભક્તિનો મહામંત્ર છે.
અરિભાવ કે શત્રુભાવને હણનારા એ અરિહંતો છે,
તેથી તેઓને નમસ્કાર મંત્રનો મહામંત્ર ગણી શકાય છે.

મંત્ર અને ભક્તિ પરસ્પર અવિનાભાવ છે.

એક વિના બીજાનું અસ્તિત્વ અશક્ય છે.

આત્મસ્વરૂપની ભક્તિ પૂર્ણ થઈ ત્યારે ગણાય, જે બન્ને
સાવરણ અને નિરાવરણ - એવા બન્ને પ્રકારના
આત્માઓ ઉપર સ્નેહભાવ ઉત્પન્ન થાય.

નિરાવરણ સ્વરૂપ પ્રત્યે સ્નેહ તે પ્રમોદ અને
સાવરણ સ્વરૂપ પ્રત્યે સ્નેહ તે કરુણા + માધ્યસ્થ્ય.
કરુણા તથા માધ્યસ્થ્ય વગર પ્રમોદ સાચો ન ગણાય.
પ્રમોદ ન હોય તો કરુણા - માધ્યસ્થ્ય પણ સાચા નહિ.
જીવની સાચી સહૃદયતાની નિશાની જીવના દુઃખ પ્રત્યે
સહાનુભૂતિ અને કરુણા, તેમ જ તેના સુખ પ્રત્યે
હર્ષ અને પ્રમોદ હોવાં જોઈએ. આમ ભક્તિ અને
મંત્રને પ્રગટાવનાર નવકાર મહામંત્રનું પ્રથમ પદ છે.

મૈત્રી વડે હિંસાદિ આસ્રવોનો નિરોધ થાય છે અને
ભક્તિ વડે સ્વરૂપરમણતા વિકસિત થાય છે.

કષાયના આક્રમણને ખાળનાર મુખ્યતઃ મૈત્રી છે અને
વિષયોની આસક્તિ ટાળનાર મુખ્યતઃ ભક્તિ છે.

વિષય - કષાયને જીતનારો આત્મા પોતે જ મોક્ષ છે,
ભક્તિ અને મૈત્રી તેનાં સાધનો છે.

આત્માના ત્રણ મુખ્ય ગુણો દર્શન - જ્ઞાન - ચારિત્ર
એ ભક્તિ અને મૈત્રી દ્વારા સાક્ષાત્ પુષ્ટ થાય છે,
ચૈતન્ય સાથે તે એકતાનું જ્ઞાન કરાવે છે તથા
વિષય - કષાયની પરિણતિથી આત્માને છોડાવે છે.

## સૌથી મોટો ઉપકાર કોનો ?

મોટામાં મોટો ઉપકાર આપણું જિનસ્વરૂપ જેઓ
જોઈ રહ્યાં છે અને તેની પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી
આપણા અપરાધોની ક્ષમા આપી રહ્યાં છે, તેઓનો છે.
તેઓના કરુણા, મૈત્રી, પ્રમોદ અને માધ્યસ્થ્ય-
આપણા જિનસ્વરૂપની પ્રાપ્તિમાં ઉપકારક છે.

## કૃતજ્ઞતા ગુણનો વિકાસ

જેનાથી સર્વ કાંઈ શુભ મળ્યું છે, મળે છે અને મળવાનું છે, તેને યાદ કરવા અર્થે તેમના પ્રત્યે બહુમાન ધારણ કરવો, તેનું બીજું નામ કૃતજ્ઞતાગુણ છે.

ચૌદ પૂર્વનો સાર અને શ્રુતજ્ઞાનનું રહસ્ય નવકાર છે, તેનું એક કારણ નમસ્કારથી કૃતજ્ઞતા ગુણ કેળવાય છે.

કૃતજ્ઞતા ગુણ એ બધા જ સદ્ગુણોનું મૂળ છે.

કૃતજ્ઞતા ગુણને ઉત્પન્ન કરનાર પરોપકાર ગુણ છે.

પરોપકાર ગુણ સૂર્યના સ્થાને છે,

તો કૃતજ્ઞતા ગુણ ચંદ્રના સ્થાને છે.

ધર્મનો પાયો = જેનાથી ઉપકાર થાય, તેને કૃતજ્ઞ રહેવું.

કૃતજ્ઞતાભાવ વિનાની આરાધના = અંક વિનાના શૂન્ય.

સમ્યક્ત્વ ગુણ પણ કૃતજ્ઞતાભાવનો સૂચક છે, કેમકે તેમાં દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વ પ્રત્યે ભક્તિ છે, નમસ્કાર છે, શ્રદ્ધાગર્ભિત બહુમાન છે અને એ ત્રણે તત્ત્વો પરમ ઉપકારક છે, એનો હાર્દિક સ્વીકાર છે.

'તરુવર સરવર સંતજન, ચોથા બરસત મેહ;
પરમારથ કે કારણે, ચારોં ધરિયા દેહ ॥

કૃતજ્ઞતા ગુણ એ એક પ્રકારની સહાનુભૂતિની ભાવના પણ છે. ભક્તિના માર્ગમાં પરોપકાર ગુણ એ સહાનુભૂતિની ભાવનામાંથી ઉત્પન્ન થતો શુભભાવ છે. સહાનુભૂતિ - કર્મભૂતિ એક જ સિક્કાની બે બાજુ છે. મોક્ષમાં આપવાનું જ છે, પરન્તુ લેવાનું કાંઈ નહિ. સંસારમાં માત્ર લેવાનું છે, પરન્તુ આપવાનું કાંઈ નહિ. લેવાની ક્રિયામાંથી છૂટવાનો ઉપાય, કશું જ લેવાનું નહિ અને કેવળ આપવાનું છે, તેથી મોક્ષ મેળવવો, તે છે.

મોક્ષ મેળવવાનું અનન્ય સાધન કૃતજ્ઞતા ગુણ છે. નમ્રતાનું મૂળ કૃતજ્ઞતા, કૃતજ્ઞતાનું ફળ પરોપકાર અને પરોપકારનું ફળ આત્મસ્વભાવ છે. વિશ્વનું ધારણ - પાલન - પોષણ પરોપકારથી જ થઈ રહ્યું છે. કોઈ પણ એવી અવસ્થા નથી કે જેમાં એક જીવને બીજા જીવ તરફથી ઉપગ્રહ - ઉપકાર ન થતો હોય!

શ્રી અરિહંત પરમાત્મા એ વિશ્વના આત્મા છે.

સમગ્ર વિશ્વ તેઓશ્રીના આત્મામાં
જ્ઞાન રૂપે, કરૂણા રૂપે, મૈત્રી રૂપે, પ્રમોદ રૂપે અને
માધ્યસ્થ રૂપે રહેલું છે - પ્રતિષ્ઠિત થયેલું છે.

'નમો' પદમાં મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને
માધ્યસ્થ ભાવનાઓની સાથે અનિત્ય, અશરણ,
સંસાર, એકત્વ, અન્યત્વાદિ ભાવનાઓ સમાવિષ્ટ થઈ
જાય છે, તેથી નવકારનું પ્રથમ પદ અતિ ગંભીર છે.

અહિંસાપૂર્વકની મૈત્રી, સંયમપૂર્વકનો વૈરાગ્ય અને
તપ સહિતની અનાસક્તિ જ તાત્વિક છે.

મૈત્રીની ભાવના કેળવવામાં વખત ગાળો,
એ સુખ તરફ લઈ જતો રસ્તો છે.

જડસૃષ્ટિ પ્રત્યે જેમ સંપૂર્ણ માધ્યસ્થભાવ જોઈએ,
તેમ જીવસૃષ્ટિ પ્રત્યે સંપૂર્ણ કરૂણાભાવ જોઈએ.

o

મૈત્રી = Compassion Benevolence.

વીતરાગતાની પ્રાપ્તિ મૈત્ર્યાદિ ભાવોથી સિદ્ધ થાય.

આત્મશુદ્ધિના ઉપાય વીતરાગતા - સ્વસ્થતા છે.

સ્વસ્થતાની પ્રાપ્તિ આંતરનિરીક્ષણ તથા

પ્રકૃતિના નિયમોના અભ્યાસથી થાય.

પાંચે પરમેષ્ઠિ નીચેની ચારે ભાવનાથી ભરપૂર હોય છે:

(૧) મૈત્રી એટલે સકલ જીવોને મિત્ર માનવાની વૃત્તિ.

(૨) પ્રમોદ એટલે અન્યની ઉન્નતિ જોઈને

આનંદ પામવાની વૃત્તિ.

(3) કારુણ્ય એટલે દીન - દુઃખીને જોઈને અનુકંપાની વૃત્તિ.

(૪) માધ્યસ્થ્ય એટલે વિપરીત માનસ ધરાવનારા પ્રત્યે

ઉદાસીનતાની અર્થાત્ અનુમોદન પણ નહિ

અને તિરસ્કાર પણ નહિ, એવી વૃત્તિ.

ચારે ભાવનાઓનો સંક્ષેપ મૈત્રીભાવમાં થઈ શકે.

જ્યાં ઊંડે ઊંડે મિત્રતાની કલ્પના નથી,

ત્યાં પ્રમોદ ઉપજી શકતો નથી, કરુણા સ્ફૂરતી નથી

અને માધ્યસ્થ્યભાવ અનુભવી શકાતો નથી.

(૧) અભિન્નભાવથી ક્ષમા ખીલે છે.

જ્યાં બધાં અભિન્ન જ છે, ત્યાં કોના ઉપર ક્રોધ?

અભિન્નભાવનો સાધક ક્રોધ ન કરે, સદા શાંત જ રહે.

(૨) અભિન્નભાવથી નમ્રતા આવે છે.

જ્યાં બધાં સમાન છે, ત્યાં અભિમાન કેવું?

અભિન્નભાવનો સાધક રૂપ, ગુણ કે ઐશ્વર્યનું અભિમાન કરતો નથી, તે સદા નિરાભિમાન જ રહે.

(૩) અભિન્નભાવથી સરળતા પ્રાપ્ત થાય છે.

જ્યાં અભિન્નતા જ વર્તે છે, ત્યાં જુદાઈ કેવી?

અભિન્નભાવ સાધક કોઈપણ પ્રકારની કપટક્રિયા કરવાનું વલણ ધરાવે નહિ, સરળતાને જ ધારણ કરે.

(૪) અભિન્નભાવથી સંતોષ અનુભવવા શક્ય છે.

જ્યાં અભિન્નતા જ વર્તે છે, ત્યાં તૃષ્ણા કેવી?

અભિન્નભાવનો સાધક પોતાની પાસે કાંઈ ન હોય, તો પણ સંતોષનું પરમ સુખ અનુભવે.

અભિન્નભાવથી મધુર પરિણામ કે લાભ સિદ્ધ થાય છે.

પરદુઃખાકરણ પરિણામો ભાવસાધુઃ ।

અહવા સાહં ચિત્તા ।

(૧) સર્વ જીવો મિત્ર છે - કોઈ દુશ્મન નથી, એ મૈત્રી. ક્રોધનો પ્રતિકાર મૈત્રી છે.

(૨) ગુણવંતોને જોઈને આનંદ પામવો - તેમના પ્રત્યે દ્વેષ ન કરવો, એ પ્રમોદ. માનનો પ્રતિકાર પ્રમોદ છે.

(3) દુઃખીઓ પ્રત્યે સહાનુભૂતિ બતાવવી - તિરસ્કાર ન કરવો, તે કરુણા. માયાનો પ્રતિકાર કારુણ્ય છે.

(૪) વિપરીત વૃત્તિવાળા પ્રત્યે ઉદાસીન ભાવ રાખવો - ધિક્કારવા નહિ જ. લોભનો પ્રતિકાર માધ્યસ્થ્ય છે.

સાધુની મૈત્રી, ઉપાધ્યાયોનો પ્રમોદ, આચાર્યોની કરુણા, સિદ્ધોનું માધ્યસ્થ્ય અને અરિહંતોની મૈત્ર્યાદિ ચાર ભાવના નમસ્કારહાર્દ છે.

જીવો પ્રત્યે મૈત્રી, ગુણવંત પ્રત્યે પ્રમોદ, દુઃખી પ્રત્યે કરુણા, અવિનીત પ્રત્યે માધ્યસ્થ - આ ચાર ભાવના ભાવે, તેને સમ્યક્ત્વ હોય. - કુવલયમાળા, પૃષ્ઠ ૨૧૮

'કરુણા' એટલે નવીન આદર્શો - મહત્વાંકનો - લાવો.

દાનમાં કરુણા છે, શીલમાં કરુણા છે,

તપમાં કરુણા છે તથા ભાવમાં પણ કરુણા છે.

આ જિનધર્મની શ્રેષ્ઠતા, મંગલમયતા, કલ્યાણકારકતા અને પ્રધાનતાનું કારણ તેની કરુણામાં છૂપાયેલું છે. જિનધર્મ કરુણાપ્રધાન છે. દુઃખિતનાં દુઃખનો નાશ કરવાની ઇચ્છા અને પ્રવૃત્તિ એ કરુણા છે. કરુણા એ પ્રવૃત્તિરૂપ નહિ પણ ભાવરૂપ છે. તમામ પ્રવૃત્તિનું મૂળ કારણ કરુણાભાવ છે. સમ્યક્ત્વના લક્ષણમાં પણ કરુણાને સ્થાન છે જ. કરુણાભાવ એટલે માનસિક પ્રવૃત્તિરૂપ છે કે: 'સર્વ જીવોએ મારા ઉપર અનંતા ઉપકારો કર્યા, પરન્તુ મેં સ્વાર્થને વશ થઈ ક્યારેય પરાર્થે કાંઈ કર્યું નહિ. કૃતજ્ઞતાનો ભાવ સરખો પણ સ્પર્શ્યો નહિ! જીવનો પરોપકાર આપણામાં કૃતજ્ઞતાભાવ પ્રેરે છે. આપણી કૃતજ્ઞતાભાવ જીવન ઉપર પરોપકારભાવ જગાડે છે.

કરુણાનું કાર્ય દ્વેષ - ગર્વ અને ઘમંડ ધ્વંસ છે.

કરુણા એ સર્વ દુઃખનું છેદન કરનારી છે.

કરુણાવાનની ભક્તિ એ જ ભક્તિ છે, પૂજા છે.

કરુણાહીનની પૂજા-ભક્તિ-આરાધના ધર્મરૂપ ન બની શકે.

કરુણામાં સર્વને સુખી કરવાની કામના અને સર્વનાં દુઃખને દૂર કરવાની ઝંખના છે. એ કામના તથા ઝંખના જ અમૃત છે, તેથી કરુણા અજરામરતા અર્પનારી છે.

ધર્મ છે ભોજન જેનું તે મૈત્ર્યાદિભાવોનું નામ ધર્મભોજન.

નમ્રતા ગુણની સિદ્ધિ માટે

'બધાથી જ આપણું ભલું થાય છે' એમ માનવું અને

અપ્રમાદ ગુણની સિદ્ધિ માટે

'આપણે કરીએ તો જ આપણું ભલું થાય' એમ માનવું.

અંતઃકરણનો અવાજ પિછાનતાં શીખવું જોઈએ,

તે મૈત્રી અને કરુણાનો જ ટહુકો છે.

'મૈત્રી પવિત્ર પાત્રાય મુદિતા મોદશાલિને ।

કૃપોપેક્ષા પ્રતીક્ષાય તુભ્યં યોગાત્મને નમઃ ॥'

## ચાર પ્રકારના ભાવ

ક્રોધાદિ અપ્રશસ્ત ભાવો, મૈત્ર્યાદિ પ્રશસ્ત ભાવો,
વીતરાગત્વાદિ વિશુદ્ધ ભાવો અને વૈરાગ્યાદિ શુદ્ધ ભાવો.
પ્રાતઃ સ્મરણે બોધ તેની ભાવના રહેલ છે,
તેમ આત્મવિચારણને તેની કરુણા રહેલ છે.

## સાચું માધ્યસ્થ્ય ક્યાં છે ?

સાચું માધ્યસ્થ્ય સર્વ જીવો પ્રત્યે મૈત્રીમાં,
અધિક પ્રત્યે પ્રમોદમાં, દીન પ્રત્યે કરુણામાં તથા
દુર્વિનેય જીવો પ્રત્યે સમત્વમાં રહેલું છે.

## સામાયિક - સાચું સમત્વ ક્યાં છે ?

તે સર્વ જીવો પ્રત્યે વાત્સલ્યપૂર્ણ મૈત્રીભાવમાં છે,
સર્વ પુદ્ગલો - નિર્ગુણ પ્રત્યે સહજ મધ્યસ્થભાવમાં છે,
સર્વના ગુણો પ્રત્યેના અધિક આદરભાવમાં છે તથા
પ્રમાણોપેત સર્વ દર્શના સમન્વયમાં છે.

સુખ વખતે વધુ મૈત્રીવંત બનો - ઉદારતા કેળવો,
દુઃખ વખતે વધુ વિરક્ત બનો - ઉપકાર વધારો.

ચાર ભાવનાઓ ચૈતન્યના દ્વેષાદિ છોડાવે છે.

બાર ભાવનાઓ પુદ્ગલના રાગાદિ છોડાવે છે,

જીવનાં શુદ્ધ સ્વરૂપને આચ્છાદિત કરનારા કારણોમાંથી

મુક્ત થવા વૈરાગ્યની ૧૨ - સમ્યક્ત્વની ૪ ભાવના છે.

ચૈતન્ય એ દ્વેષ અને પુદ્ગલ એ રાગ કરવા લાયક નથી,

કેમકે ચૈતન્ય એ દુઃખનો હેતુ - જડ એ સુખનું કારણ નથી.

જો સુખનું કારણ ન હોય, તેનાં ઉપર રાગ શાનો?

જો દુઃખનું કારણ ન હોય, તેનાં ઉપર દ્વેષ રાખવો,

એ જ અજ્ઞાન છે.

તેને ટાળવા બાર + ચાર મળીને ૧૬ ભાવનાઓ છે.

મૈત્રીભાવનાને માતાની ઉપમા આપી છે, તે આ રીતે:

પુત્રના હિતની ચિંતા, પુત્રના ગુણનો પ્રમોદ,

પુત્રના દુઃખની કરુણા, પુત્રના દોષની ઉપેક્ષા.

જગતના સર્વ જીવો ઉપર મૈત્રી વિકસાવવી,

એ યોગ નહિ પણ મહાયોગ છે.

આ યોગના પ્રવેશદ્વારની ચાવી રત્નત્રયી છે.

# મૈત્રીના પાંચ પ્રકાર

Imp. ઉપકાર મૈત્રી, અપકાર મૈત્રી, વિપાક મૈત્રી,
વચન મૈત્રી તથા અસંગ મૈત્રી.

વીતરાગ ભગવંતોને અસંગ મૈત્રી હોવાથી મૈત્રી તેમનો સ્વભાવ બની જાય છે. અસંગ મૈત્રીના ફળરૂપે મળતાં મોક્ષમાં અચિંત્ય મૈત્રી માનવી જોઈએ.

તે મૈત્રી જગતનું પરમ હિત કેવી રીતે કરે છે, તે સમજવું ચિત્તની શક્તિની બહાર છે!

બીજાની હિતચિંતા પોતાના ઉપકાર માટે કે અપકારથી બચવા માટે કે સારા વિપાક મેળવવા માટે કરવામાં આવે, ત્યાં સુધી તે હિતચિંતા લૌકિક છે. જ્યારે તે વચન કે તીર્થંકરોની આજ્ઞાપાલનની અથવા તીર્થંકરોના વચન - વિચાર - વર્તનના બહુમાનની ખાતર કરવામાં આવે અને એમ કરતાં - કરતાં જ્યારે તે આત્મ સ્વભાવરૂપ બની જાય, ત્યારે તે લોકોત્તર ગણાય છે. પ્રભુની મૈત્રી હિતચિંતનરૂપ નહીં, હિતક્રિયારૂપ હોય છે.

## મુક્તિ એ લોકોત્તર મૈત્રીનું ફળ છે.

ધર્મથી ધન મળે પણ ધન મેળવવા ધર્મ કરવાનો હોતો નથી,
તેમ પરહિતચિંતાથી સ્વહિત થાય છે,
પરન્તુ સ્વહિત ખાતર ધર્મ કરવાનો હોતો નથી.
સ્વહિતનું ધ્યેય થયે પરહિતનું કાર્ય નિરાશંસ બનતું નથી.
આશંસા ધર્મને નિષ્ફળ કરનાર - જીવને શલ્યરૂપ છે.
નિઃશલ્ય મૈત્રી એ જ શુદ્ધ ધર્મસ્વરૂપ છે,
તેથી પરહિતનો નિઃશલ્ય અધ્યવસાય એ મૈત્રી છે.

'नमो अरिहंताणं ।' એટલે...

ભાવશત્રુઓનો નાશ કરનારને હું નમું છું.

શત્રુભાવનો નાશ મિત્રભાવ વડે થાય છે, તેથી
મિત્રભાવને જેમણે સિદ્ધ કર્યો છે, તેમને હું નમું છું.
મિત્રભાવની સિદ્ધિ જીવમાત્રના હિતચિંતકને થાય છે,
તેથી સર્વ જીવની હિતચિંતા ધારણ કરનારને હું નમું છું.
'સર્વ જીવો સુખ પામો'
એ ભાવના વડે જીવમાત્રની હિતચિંતા સિદ્ધ થાય છે.

'સર્વ જીવો સુખી થાઓ' એટલું જ નહિ પણ
સર્વ જીવો ભાવશત્રુઓને જીતનારા થાઓ.
સર્વ જીવો તો જ સુખી થાય,
જો તેઓ પણ પરહિતચિંતામાં રક્ત બને,
સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ કેળવે,
તે મૈત્રીભાવ કેળવવા વડે શત્રુભાવનો નાશ કરે અને
શત્રુભાવનો નાશ કરવા વડે ભાવશત્રુઓને જીતે.
ભાવશત્રુઓને જીતવા હિંસાદિ દોષોને જીતનારા થાઓ.
હિંસાદિ દોષો જીતવા ક્રોધાદિ દોષો અને ક્રોધાદિ દોષો
જીતવા માટે વિષયાસક્તિ આદિ દોષોને જીતનારા થાઓ.
વિષયાસક્તિ આદિ દોષોને જીતવા સર્વને
સર્વ જીવોને સુખી કરવાની ભાવનાવાળા થાઓ.
તે માટે સર્વ જીવોને સુખી કરવાની ભાવના વડે જેઓ
અરિહંત પદને પામ્યા છે, તેમને હું નમું છું.
અલ્પ પ્રયાસે બહુ કાર્ય કરનાર મનમાં ઉત્પન્ન થતી
'શિવમસ્તુ સર્વ જગતઃ'ની ઉદાત્ત ભાવના છે.

'શિવમસ્તુ સર્વ જગતઃ ।'

સર્વે સત્ક્રિયાઓ, સર્વે ધર્માનુષ્ઠાનો અને
સર્વે આગમ વાક્યોની પાછળ
સ્વાત્મવિષયક અથવા પરાત્મવિષયક કરુણા રહેલી છે.
બંનેને પરસ્પર અવિનાભાવ સંબંધ છે.
એકના અભાવમાં બીજાનું અસ્તિત્વ હોતું નથી.
'શત્રુને પ્રેમ કરો' એ વાક્ય તો
શારીરિક - માનસિક રોગોની દવારૂપે મનાય છે.
હીનગુણી પ્રત્યે કરુણાભાવ વિના
ક્યારેય સદનુષ્ઠાન સિદ્ધ થતું નથી.
હીનગુણી પ્રત્યે કરુણા ઉત્પન્ન ન થવામાં
સ્વોત્કર્ષ અને પરાપકર્ષ કારણ છે.
આ વિશ્વમાં જો સર્વ આત્માઓ સમાન છે, તો
સ્વોત્કર્ષ કે પરાપકર્ષને ઈચ્છનાર કુદરતનો અન્યાય કરે છે,
તેથી તેનું માઠું ફળ મળે જ છે.
જિનપ્રવચન હિતોપદેશરૂપ છે, તેથી કરુણામય છે.

'વિશ્વમૈત્રી' એટલે...

વ્યક્તિ જેને પોતાનો માને,

તેના પ્રત્યે તે જેવો ભાવ દર્શાવે - ઉત્તરોત્તર વિકસાવે - જગતના કોઈ જીવને પણ તે ભાવથી વંચિત ન રાખે તે.

તેના જીવન ઉપર ઇચ્છાનું નહિ પણ
સર્વ જીવો સાથે મૈત્રીભાવનું જ વર્ચસ્વ હોય.
મૈત્રીભાવ એ નિઃસ્વાર્થના પાયા ઉપર ઉભેલો છે.
વિશ્વમૈત્રીભાવ જેમ - જેમ ઘટતો જાય, તેમ - તેમ
જીવન ઝાંખુ પડતું જાય, પરપદાર્થમાં મોહ જાગે,
પરહિત કાજે એક ડગલું ચાલવાની વૃત્તિ પણ ન થાય.
જે હૃદય પરમેષ્ઠિ ભગવંતોના પરમ વિશ્વમૈત્રીભાવ
કાજે તલસતું હોય, તેનાથી પાપીને ય ધિક્કારી શકાય?
વિશ્વમૈત્રીભાવને જ પોતાનું જીવન બનાવવાને માટે
પંચપરમેષ્ઠિ ભગવંતોના ભાવને જ જીવન સોંપી દેવું.

વિશ્વના સમગ્ર સચેતન - અચેતન પદાર્થોનું જ્ઞાન,
મૈત્રી - કરુણાના વિષય તરીકે આહ્લાદિત થઈ જાય છે.

ત્રિભુવનના સર્વ જીવોના હિતની સર્વોત્તમ ભૂમિકા પછી
જે ભૂમિકા પ્રાપ્ત કરવાની બાકી રહે છે, તે મોક્ષની જ છે.

કષાય જે રીતે પોતાનો સ્વભાવને ભવો આપવાનો
ધર્મ બજાવે છે, તે રીતે વિશ્વવાત્સલ્ય પણ પોતાનો
સ્વભાવના ભવોને કાપવાનો ધર્મ બજાવે જ છે.

પરમર્ષિ ભગવંતો અહર્નિશ અપ્રમત્તપણે સર્વ જીવોના
કલ્યાણ કાજે પોતાના જીવનની પ્રત્યેક ક્ષણનો ઊંચામાં
ઊંચો સદુપયોગ કરે છે, તેના બદલામાં તેઓ પોતાના માટે
આપણી પાસે શું કોઈપણ ચીજ માંગે છે? હરગીઝ નહિ.
તો પછી તેમની આરાધના કરનાર આત્માર્થી જગતના
કોઈપણ જીવ પાસે કશા ય બદલાની આશા રાખી શકાય?

પરમ વિશ્વવાત્સલ્યની આરાધના કરનાર જ્યાં
સુધી પોતાના હૈયામાંથી સ્વસુખના સ્થૂલ અને સૂક્ષ્મ
ખ્યાલને દૂર ન કરી શકે, ત્યાં સુધી તેનું આંતરજીવન

પરમર્ષિ ભગવંતોના પરમ વિશ્વવાત્સલ્યને
ઝીલવા અને પચાવવાની ક્ષમતા કેમ દાખવી જ શકે?

પંચપરમેષ્ઠિ પરમ વિશ્વમૈત્રીના પરમ આધારસ્તંભો છે.

આત્માથી પ્રત્યેક અરિભાવજન્ય અંતરાયોને
પરમ મૈત્રીભાવ દ્વારા નિર્મૂળ કરનારા તે અરિહંત છે.

આત્માની આત્માને ઓળખવાની અસૂઝને લીધે
પરસ્પર વચ્ચે જન્મતાં અંતરાયોને દૂર કરનાર
પીણાનું ઝરણું 'નમો અરિહંતાણં !' પદમાં રહેલું છે.

આલોકને શું ન હોય?

આલોક જીવોને સ્વાર્થભાવનું સર્વથા વિસર્જન અને
પરાર્થભાવનું સંપૂર્ણ આવલંબન ન હોય.
આલોકનાં તેટલાં જ આવરણો દૂર થાય છે,
જે જેટલાં દ્રવ્યસંયમની પરાકાષ્ઠાને આવશ્યક હોય.
દ્રવ્યકરુણા આલોકને પણ સ્પર્શે,
ભાવકરુણા આલોકને સ્પર્શી શકે નહિ, વળી
આમૈત્રીનો આભાવ તેને હોઈ શકે - ભાવમૈત્રી કદાપિ ન હોય.

'સર્વ જીવો વિષયક સ્નેહનો પરિણામ તે મૈત્રી છે.'

- ઉપા. યશોવિજયજી

સર્વ જીવો પ્રત્યે મૈત્રીપૂર્ણ હૃદય, કરુણા અને
સહાનુભૂતિ રાખવી, એ જીવનની મોટી સિદ્ધિ છે.

એ સિદ્ધિવાળાં પરમ પુરુષોને
પરમ પ્રભુનું નામ જ 'નમસ્કાર' છે.

કરુણા આત્માનો સ્વભાવ છે.

અનાહત નાદમાં કરુણાની તીવ્રતા રહેલ છે.

પ્રભુ કરુણા કરનારા, આપણે તેમની કરુણાના પાત્ર,
પ્રભુ રક્ષણ કરનારા, આપણે તેમના રક્ષણનું પાત્ર અને
જીવત્વ જાતિના શિરછત્ર એવા પ્રભુની સાથે આપણને
જાતિગત સંબંધ, આ મહા સંબંધો તો ધ્યાન સ્વપ્નના
અવસરે પણ ચાલુ રહેવા જોઈએ.

'પ્રભુ આપણું નિરંતર રક્ષણ કરી જ રહ્યાં છે'
આ વસ્તુની સ્વાનુભૂતિ થયાં પછી જ ખરી રીતે
'સ્વ'ની ચિંતારૂપ આર્તધ્યાન છૂટે તથા સમસ્ત વિશ્વનો
પ્રત્યેક જીવ પ્રભુની એકસરખી કરુણાનો પાત્ર દેખાય,
ત્યારે કુદરતી રીતે સર્વનો વિચાર પ્રગટે.

## નમસ્કાર એ પરમાત્માની કરુણાનો સ્વીકાર છે.

પરમાત્મા સ્નેહથી વ્યાપ્ત છે, કરુણાથી વ્યાપ્ત છે. તેથી અધિક દુઃખી પ્રત્યે, અધિક અજ્ઞાની પ્રત્યે તથા અધિક મોહાંધ પ્રત્યે અધિક કરુણાવાન છે. પરમાત્મા શાતા-ત્રાતા-ભ્રાતા-બન્ધુ-મિત્ર-માતા-પિતા-લક્ષ્મીના દાતાર સ્વામી તથા વિદ્યાના દાતાર ગુરુ છે.

કરુણાને કારણે જ પરમાત્મા ગતિ છે, મતિ છે, આશ્રય છે, આલંબન છે, જીવન છે, ત્રાણ છે, શરણ છે. પ્રભુની ભક્તિનો આવા પ્રકારનો ભાવસંબંધ સર્વની હિતચિંતારૂપ મૈત્રીભાવની સાધનામાં જોડી આપે છે.

## ભાવનમસ્કાર એટલે શું ?

મૈત્ર્યાદિભાવોને ભાવ આપવો, એ ભાવનમસ્કાર છે. અંતરથી રુચિપૂર્વક થતો નમસ્કાર મૈત્રીયુક્ત હોય છે. પરિણામે જીવનમાં મૈત્રી, કરુણા, શાંતિ, પ્રેમ, દયા આદિ સહજ બને છે અને સંયમ તરફ દોરી જાય છે. સુખ-સગવડોમાં શાંતિ નથી, કિન્તુ શાંતિ મનમાં છે.

એક જ કુટુંબના વડાને ખુશ રાખવો હોય,
તો તેના તમામ સભ્યો સાથે ઔચિત્યમાં રહીને
મૈત્રીનો ભાવ તો અવશ્ય રાખવો જ જોઈએ.
વિશ્વ એ કુટુંબ છે, પરમાત્મા તેનો વડો છે,
પ્રાણીમાત્ર તેના સભ્યો છે.
આપણે વિશ્વકુટુંબ સાથે વાત્સલ્યથી વર્તવા બંધાયા છીએ,
ક્ષમાચારીનો સ્થિર ભાવ આપણી સાધના જ હોવા ઘટે.
આમ પરિત્રાણ મૈત્રી-પ્રમોદ-કારુણ્ય-માધ્યસ્થ્યમાં તથા
યોગ્યને યોગ્ય ન્યાય આપવામાં છે.
કલ્યાણ કે સુકૃત કરનાર દુર્ગતિમાં જતો નથી.
મુદિતા કે ક્ષમતા એ ભગવાનના ઐશ્વર્યનું લક્ષણ છે.
શાસ્ત્રો ફરમાવે છે કે:
જેઓ આભારનો ભાર વહન કરવામાં શૂરા છે,
તેઓ સૌ સંસારસાગર પાર કરવામાં મોખરે છે અને
જેઓ આભારનો ભાર વહન કરવામાં કાયર છે,
તેઓ સંસારસાગર પાર કરવામાં પછાત છે.

# ધર્મની મૂળ જડ શરતે

## ૪ વિભાગમાં વહેંચાયેલું વિચારોનું ઉન્નતપણું:

(૧) **મૈત્રીભાવ**: મારી લેવા-દેવા, સૌ કોઈનું હિત ચિંતવવું, વેરવિરોધરૂપ અગ્નિ પ્રગટ થવા જ ન દેવો, એ જૈનશાસન. આ મહાન સદ્‌ગુણને કાયરતાનું ઉપનામ આપે, તો તેની દુર્જનતા છે. એવો એક પણ સદ્‌ગુણ નથી કે જેને દુર્જને દોષિત નહીં કર્યો હોય. કોઈ જૈન રાજાઓ કે સત્તાધારીઓએ અન્ય ધર્મોના દેવસ્થાનો, ગુરુસ્થાનો કે ધર્મસ્થાનોને ઉડાવવા માટે ઉદ્યમ કે પ્રયત્ન કર્યાનો એક પણ દાખલો ઈતિહાસના પાનાં ઉપર ક્યારેય નોંધાયેલો નથી, તે આ સદ્‌ગુણનો જ પ્રતાપ છે. જ્યાં આ લાગણી નથી, તે ધર્મ વિશ્વધર્મ બનવાને લાયક પણ નથી.

(૨) **પ્રમોદ ભાવના**: વિચાર સૌજન્યનો બીજો પ્રકાર છે. ગુણ કે ગુણવાનનું સન્માન કર્યા વિના ગુણવાન ન બનાય. ગુણવાન મહાત્માઓ - સત્પુરુષોના સન્માન માટે જેને લાગણી કે અભિરુચિ નથી, તે ધર્મનિષ્ઠ બની શકે નહિં.

જે ગુણવાનને જાણતો નહિ, જેને જાણવાની દરકાર નહિ, કે જાણ્યાં પછી સન્માન કરવાની મનોવૃત્તિ નહિ, તેને કદી પણ નવા-નવા ગુણોની પ્રાપ્તિ થઈ શકતી નહિ.

(3) દુ:ખી જીવોના દુ:ખોને દૂર કરવા કરુણાભાવ:

દુ:ખ બે પ્રકારે છે : આત્મિક અને શારીરિક.

એ બન્ને પ્રકારનાં દુ:ખો પૂર્વે કરેલા પાપથી જ મળે છે, તો પણ દુ:ખ પામવાવાળી વ્યક્તિનું દુ:ખ દૂર કરવાથી તે દૂર કરનારને લાભ અવશ્ય મળે છે. પાપનું ફળ અર્થાત દુ:ખ ભોગવવાથી જ ભોગવાય, અન્ય પણ નહિ.

જેમ કે કેળાના આહારમાં એલચી અને કેરીના આહારમાં સૂંઠ આપવાથી તે કેળું અગર કેરી વસ્તુ નાબૂદ થઈ જતી નહિ પણ તેનો વિકાર જરૂર દૂર થાય છે, તેવી જ રીતે બાંધેલું પાપ તેના રસ અને વિકારને આપ્યાં વિના જ દયાળુ મહાશયોના મંગલ પ્રયત્નોથી ખપી જાય છે.

પ્રભુને મનમાં લાવવા આપણે પ્રયત્ન કરીએ છીએ, તેથી અનંત પ્રયત્ન પ્રભુ કરુણા કરવા માટે કરે છે.

(૪) વિચાર ઔન્નત્યનો ચોથો પ્રકાર માધ્યસ્થ ભાવ છે.

જગતમાં કેટલાક પ્રાણીઓ એવા હોય છે કે તેના હિત માટે કે દુઃખ દૂર કરવા પ્રયત્ન કરો, તો પણ તેની મનોવૃત્તિ ખરાબ હોવાથી તેનું હિત ન જ થાય.

એવા પ્રસંગમાં હિત કરવાવાળા આત્માઓ તેના ઉપર ક્રોધ કરવો નહિં, કિન્તુ કર્મ-તેના ફળોનો વિચાર કરી ઉદાસીન વૃત્તિમાં રહેવું. આ ચારે પ્રકારે વિચારના ઉન્નતપણાંને ધારણ કરનાર દિવસે દિવસે ધર્મનિષ્ઠ અને ધર્મપરાયણ બની શકે છે.

સર્વ ભાવનાઓ તથા ધર્મોનું ધ્યેય મોક્ષ છે.

મોક્ષના સ્વરૂપ માટે ભલે અનેક મત-મતાંતરો છે, તો પણ મોક્ષનો ફક્ત સાચો રસ્તો મળવાથી સ્વયં મોક્ષ પણ પોતાની મેળે જ પ્રાપ્ત થઈ જાય છે. મોક્ષમાર્ગ એટલે સાચી શ્રદ્ધા, સાચું જ્ઞાન, ઉત્તમ વર્તન.

મૈત્રીભાવનો વિકાસ કરવો, પરોપકાર કરવો, સમતાની ઉપાસના કરવી - એ ધર્મનાં સુસ્પષ્ટ તત્વો છે.

ધર્મ પદાર્થ જેના અંતરમાં રમી રહ્યો છે, તેનાં અંતઃકરણમાં ચાર ભાવના રમી રહેલી રહેવી જોઈએ:

(૧) બીજાનો ફાયદો મેં કેટલો કર્યો? પોતાનો ફાયદો તો જાનવર પણ કરે છે. મારા જેવા કે બીજા જેવા જગતના જીવોનું હિત થાઓ. કોઈ પાપ કરો નહિ, કોઈ દુઃખી થાઓ નહિ, સૌ કોઈ પાપ અને દુઃખથી મુકાઈ જાઓ. જગતના હિતમાં પોતાનું હિત છે, તે મૈત્રીભાવ છે.

(૨) બીજાના દુઃખનો નાશ કરવાનો વિચાર તે કરુણા.

ઈર્ષ્યામાં અવળો ફોટો આવે છે.

મેઘ શ્યામ તો જગત ઉજળું, મેઘ ઉજળો તો જગત શ્યામ.

કરુણા એ ઈર્ષ્યાનો નાશ કરવા બીજી ભાવના છે.

(3) ત્રીજી ભાવના એટલે બીજાના સુખને અંગે સંતોષ.

બીજાના દુઃખનો નાશ કરવો જેટલો જરૂરી છે, તેટલું જ જરૂરી બીજાના સુખમાં પ્રમોદી થવું તે છે.

(૪) કાર્ય સફળ થાય, તે માટે પ્રયત્ન કરવો સહેલો છે, પણ પ્રયત્નની પ્રતિકૂળતામાં મધ્યસ્થ રહેવું મુશ્કેલ છે.

નજરમાં મોક્ષે જનાર જીવના લક્ષણોમાં...

મોક્ષનો અભિલાષ, સંસારના સુખને વિશે કંટાળો, ધર્મમાં
બુદ્ધિ, જગતના જીવો ઉપર ઉપકાર કરવામાં ચિત્ત છે.

ધર્મના મૂળ તરીકે વિનયને મૂકી,
સ્વરૂપ તરીકે સત્યને નહિ મૂકતાં અહિંસાને કેમ મૂકી?

પહેલાં વૃક્ષનું સ્વરૂપ કેવું છે,
તે જોઈને જ દેવતા એ વૃક્ષના અધિષ્ઠાયક બને છે.
તેથી બોરડી અથવા બાવળના અધિષ્ઠાયક નથી બનતાં,
તેમ જે ધર્મમાં દયા, અહિંસા કે કરુણાદિકની લહેરીઓ
પ્રવર્તતી નથી, તે ધર્મ પણ અધિષ્ઠાયક ન બની શકે.

શાસ્ત્રો કહે છે: સત્ય બોલવાથી જો હિંસા વધતી હોય,
તો તેવું સત્ય બોલવાની પણ છૂટ નથી.
અહિંસાની વૃદ્ધિ માટે અસત્ય બોલવાનો ય અવકાશ છે.
હિંસાને ટાળવા માટે જૂઠું બોલવાની ય છૂટ છે.

ધર્મમાં સત્યનું અધિષ્ઠાતાપણું ત્યાં સુધી જ છે કે
જ્યાં સુધી જીવો સાથે મૈત્રી + દયાનું અસ્તિત્વ છે.

# આજના યુગની કટોકટી કઈ ?

પ્રાણીઓને બચાવવાની સાથે મહત્વનો સવાલ તો આપણી કરૂણાવૃત્તિને બચાવવાનો છે. પ્રાણીઓ કરતાં આપણી કરૂણાવૃત્તિ મરે છે, તે વધારે દુઃખની વાત છે. The crisis of character & Compassion એ આજના યુગની કટોકટી છે. કરૂણા ઓસરવા સાથે આખી માનવસંસ્કૃતિ અને સભ્યતા જોખમાવા લાગી છે. ધર્મનો હાર્દ અહિંસા છે, અહિંસાનો હાર્દ મૈત્રી છે. લાભ આપવા માટે જ મનુષ્યનો ભવ મળેલો હોય છે.

ચિત્તસમાધિ માટે લાભ આપવો અનિવાર્ય છે. પોતાના ધન અથવા દેહને માત્ર પોતાના જ માનવા, બળ - બુદ્ધિ - જ્ઞાન ઉપર પોતાનો જ અધિકાર માનવો,

એ પણ જો વિશ્વમાં દ્રોહ ગણાતો હોય,

તો પોતાના લાભને પોતા સિવાય બીજા કોઈને માટે પણ ઉપયોગ ન કરવો, તે મોટો દ્રોહ નહિ? શું તે મોટી કૃપણતા, મોટી પશુતા કે મોટી સ્વાર્થપરાયણતા નહિ?

જીવમૈત્રીથી જિનભક્તિ સફળ બને છે.

વિચારમાં સ્યાદ્વાદ પ્રગટ્યાં વિના આચારમાં મૈત્રીને ઉતારવી મુશ્કેલ છે. તપરૂપી અગ્નિ, કર્મરૂપી પશુ, ધર્મધ્યાનરૂપી સ્નાન, હિત - મિત - પથ્ય - સત્ય વચન,

હૃદયમાં દયા - કૃતજ્ઞતા - પરોપકાર, મનમાં અશરણ - એકત્વ - અન્યત્વ - સંસાર - અશુચિ - આશ્રવ - સંવર - નિર્જરા - લોકસ્વરૂપ - બોધિદુર્લભ ભાવના, મૈત્રી - પ્રમોદ - કારુણ્ય - માધ્યસ્થ્ય ભાવના તથા

જે બુદ્ધિ ધર્મમાં સ્થિર રહેશે,

તે સર્વ જીવો આરાધક થઈને જીવનને સફળ કરશે. અભેદ સાધવા માટે જ મૈત્રીનો પ્રયત્ન અને દુશ્મનાવટને દૂર કરવાની છે. જીવો પ્રત્યે મૈત્રી ધારણ ન કરવી, એ ચૈતન્યની સાથે પડકાર છે, પોતાના જ ચૈતન્યભાવની હિંસા છે, તેથી આપણા અંદર રહેલ ચૈતન્ય અવરાય છે.

મૈત્રીથી ચૈતન્ય ઉપરનું આવરણ ખસે છે.

અમૈત્રી એ મોહ છે, મૈત્રી એ વિવેક છે.

'સવિ જીવ કરું શાસનરસી' ભક્તિ

'સર્વ જીવોને હું સમ્યગ્દર્શન પમાડી મોક્ષરુચિવાળા બનાવું.'

'સમ્યગ્દર્શન' એટલે આસ્તિક્ય યાને

જિનોક્ત તત્ત્વોનો નિઃસંદેહ સ્વીકાર.

'આત્મસમદર્શિત્વ' જેનામાં હોય, તેને જ તે હોઈ શકે.
'સૌનો આત્મા મારા જેવો જ છે' એવું સચોટ ભાન તથા
એક કીડીમાં રહેલ જીવને પણ જે આત્મસમ ન ગણે,
તેનામાં જીવતત્ત્વ સંબંધી શ્રદ્ધાન વાસ્તવિક ન ગણાય.
એમાંથી જ પરદુઃખ દૂર કરવાની કરુણા પ્રગટે છે.
'ભવનિર્વેદ - મોક્ષાભિલાષ વિના તે દુઃખ દૂર થાય નહિ'

એવું જાણનાર જીવ ભાવ ઇચ્છે જ કે

'સર્વને મોક્ષાભિલાષ અને ભવનિર્વેદ પ્રાપ્ત થાઓ.'

એ જો આવે, એટલે ક્રૂર કષાયોનો ઉદય રહે નહીં,
મૈત્રી તથા ઉપશમ ગુણની સ્વાભાવિક પ્રાપ્તિ થાય.

દ્રવ્યદરિદ્રતા એટલે આર્થિક સંકડામણ અને

ભાવદરિદ્રતા એટલે મૈત્ર્યાદિ ભાવોનો અભાવ.

સૌના કલ્યાણ માટે પોતાના સર્વસ્વનું સમર્પણ એ હૃદયપરિવર્તન છે. ધર્મનું સ્વરૂપ આત્મસમદર્શિત્વ છે.

જીવ જેમજેમ બધા જીવ સાથે અભેદ સાધતો જાય છે, તેમ તેમ વૈર-વિરોધ કે પ્રતિકૂળતાઓ ઘટતાં જાય છે અને પૂર્ણ અભેદ કેળવ્યાં પછી તો તેને કોઈપણ પ્રકારનાં દુઃખ કે વિરોધ રહેતાં જ નથી.

તાદાત્મ્ય કરુણારૂપ છે અને
કરુણા આત્મસમદર્શિત્વરૂપ છે,
તેથી ત્રણે નિર્વિશેષે એક જ સ્વરૂપ છે.

આત્મસમદર્શિત્વથી કરુણાભાવ વિકસે છે અને કરુણાભાવનો વિસ્તાર તાદાત્મ્યમાં પરિણમે છે.

પાપ એટલે પરને પીડા, ધર્મ એટલે પરને ઉપકાર.

પરનો ઉપકાર જીવ લઈ બદલામાં પરને પીડા આપે છે, તે વડે તે પાપથી ભારે થઈ ધર્મથી વંચિત રહે છે.

ઉપકારના બદલામાં પ્રત્યુપકાર થાય અને પીડાના બદલામાં ક્ષમાયાચના કરાય, તો જીવની મુક્તિના દ્વાર ખૂલે છે.

મૈત્ર્યાદિથી વૃત્તિ અને પ્રવૃત્તિ - બંને વિશુદ્ધ બને છે.

જીવની વૃત્તિમાં રાગ-દ્વેષ અને પ્રવૃત્તિમાં
પુણ્યકરણ અને પાપકરણ છે. એ ચારની નિવૃત્તિ અનુક્રમે
મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષાથી થાય છે.

શાસ્ત્ર વિચાર્યાં વિના ભક્તિ ન જાગે.
અભેદ ભાવ્યાં વિના મૈત્રી ન જાગે.

ભક્તિ જોઈતી હોય તો પ્રભુના શાસ્ત્રનો વિચાર કરો.
જીવોની મૈત્રી જોઈતી હોય તો અભેદની ભાવના કરો.
અભેદથી મૈત્રી અને શાસ્ત્રથી ભક્તિ - એ નિયમ છે.

મૈત્ર્યાદિસહિત ધર્માનુષ્ઠાન પુણ્યાનુબંધી પુણ્યનું કારણ છે.
મૈત્ર્યાદિરહિત ધર્માનુષ્ઠાન પાપાનુબંધી પુણ્યનું કારણ છે.

ક્ષાયોપશમિકતા એ મૈત્રીની આવશ્યકતાનું માપક નથી,
ઉપયોગિતા એ માપક છે.

સર્વ જીવોને ક્ષમા આપું છું. સર્વ જીવો મને ક્ષમા આપો.
બધા જીવો સાથે મારે મૈત્રી છે.
આ જગતના કોઈપણ જીવની સાથે મારે વેર નથી.

## ધર્મ ભાવનાનો અભાવ શું સૂચવે છે?

મૈત્રીનો અભાવ જીવત્વની શ્રદ્ધાનો અભાવ સૂચવે છે.
માધ્યસ્થ્યનો અભાવ કર્મ અને તેના સ્થિતિબંધ
તેમ જ કર્મના રસબંધના જ્ઞાનનો અભાવ સૂચવે છે.
કરુણાનો અભાવ દુઃખ અને તેના કારણભૂત
પાપ ઉપર અણગમાનો અભાવ સૂચવે છે.
પ્રમોદનો અભાવ સુકૃતના દ્વેષનો સૂચક છે.

તીર્થંકરોની 'સવિ જીવ કરું શાસનરસી' ભાવના જ જીવમાત્રએ સર્વ જીવો ઉપર મૈત્રી રાખવાનો પાઠ છે.

સંગમ અપરાધી અને પાપી હોવા છતાં તેના ઉપર પ્રભુની કરુણા એ જ પ્રભુના ભક્તમાં અપરાધી ઉપર પણ કરુણા ધારણ કરવાની વૃત્તિનો પાઠ છે.

## મૈત્રી જાગૃત થવાના ચિહ્નો

ભક્તિ જાગૃત થવા માટે હૃદય કોમળ - પ્રેમથી ભીનું થવું, દયાથી આર્દ્ર થવું, નમ્રતા આવવી, સજ્જનતા વધવી, સેવાવૃત્તિ જાગવી, બીજાનાં દુઃખને પોતાનું સમજવું.

## શેના અભાવમાં શું રહેલું છે?

(૧) કરુણાના અભાવમાં દુઃખ અને તેના કારણભૂત દુષ્કૃત્યની ગર્હાના સ્થાને અનુમોદના છે તથા સુખ અને તેના કારણભૂત સુકૃતની અનુમોદનાનાં સ્થાને ઉપેક્ષા છે.

(૨) ભક્તિના અભાવમાં સુખ અને તેના કારણભૂત સુકૃત્યની અનુમોદનાનાં સ્થાને ગર્હા છે તથા દુઃખ અને તેના કારણભૂત દુષ્કૃતની ગર્હાના સ્થાને અનુમોદના છે.

ભક્તિનો અભાવ ગુણ - દ્વેષનો અને
કરુણાનો અભાવ પાપ - રાગનો સૂચક છે.

કરુણાના અભાવમાં દુષ્કૃતની અનુમોદના અને
ભક્તિના અભાવમાં સુકૃતની ગર્હા છે.

(3) વિરતિના અભાવે જેમ અવિરતિજન્ય આશ્રવ છે,
તેમ ધર્મના અભાવે અજ્ઞાન અને
મિથ્યાત્વજન્ય આશ્રવ રહેલો છે.

કર્તવ્યપરાયણતાનું બીજ કૃતજ્ઞતા અને
કૃતજ્ઞતાનું પ્રેરક વાત્સલ્યતા છે.

મારામાં મૈત્રીનું અવતરણ થાય,
તે હેતુ અર્થે મારી નિત્ય મૌન પ્રાર્થના:

હું મૈત્રી, પ્રમોદ, કરુણા, માધ્યસ્થ, પ્રમોદહીન છું.
હું ઈર્ષ્યાદિ - અસૂયાદિ - ક્રોધાદિ - દ્રોહાદિ ભરેલો છું.
અરિહંતોમાં ઈર્ષ્યા - અસૂયા - ક્રોધ - દ્રોહ નહિ.
અરિહંતો મૈત્રીદિ - પ્રમોદાદિ - કરુણાદિ - માધ્યસ્થ્યાદિ ભરપૂર છે.
તેના પ્રભાવે મારામાં મૈત્રી - પ્રમોદ - કરુણા - માધ્યસ્થ્ય આવો!
તેના પ્રભાવે મારામાંથી ઈર્ષ્યા - અસૂયા - ક્રોધ - દ્રોહ જાઓ!
સર્વે સુખી થાઓ, સર્વે નિરોગી થાઓ,
તનથી નિરોગી, મનથી પ્રસન્ન, ચિત્તથી પ્રશાન્ત બનો.
મૌન = કોઈની પાસે કાંઈ માંગવું નહિ.
મૈત્રી = સર્વને પોતાની પાસે છે, તે આપવું.

કોને શેનું દાન આપવું ?

દુઃખીને કરુણાનું દાન, ગુણીને સન્માનનું દાન,
પાપીને ક્ષમાનું દાન, સુખીને હિતચિન્તાનું દાન કરવું.
લેવું કાંઈ નહિ, આપવું સર્વ કાંઈ.

## પરોપકાર - એક મહાન ગુણ

પરોપકાર ગુણ એ જીવનની પરમ પવિત્ર ઉદાત્તતા છે.

ગુણજ્ઞતા, કૃતજ્ઞતા, પરોપકાર -
એ મનુષ્યત્વની ખાસ વિશિષ્ટતા છે.

મનુષ્યત્વ, ગુણજ્ઞત્વ, કૃતજ્ઞત્વ હોય - તે મનુષ્ય છે. મનુષ્યશરીરમાં મનુષ્યત્વ ખીલેલું ન હોય, તો મનુષ્ય અને પશુમાં કાંઈ તફાવત નથી. કોઈના પણ સદ્ગુણને જોઈને તે ઉચ્ચ ગુણો પ્રાપ્ત કરવા પ્રયત્નવાન રહે, કોઈના અલ્પ ઉપકારને પણ સદા યાદ રાખી તેના પ્રતિ આદરભાવ રાખે, તે જ સાચા અર્થમાં મનુષ્ય બની શકાય.

ઊંચે ચઢવા માટે જો સર્વ જીવોના ગુણનું ધ્યેય ન રાખવામાં આવે, તો કર્તવ્યવિધિ ચૂકાય છે અને પારકાના પોતાની પર થયેલાં ઉપકારનું વિસ્મરણ થઈ જીવનમાં કૃતજ્ઞતાહીન સ્થિતિ આવે છે.

જન ઉપર એક પરાર્થકરણ કે પરોપકારની અને ભાવ સ્વાર્થ ઉપસર્જનની - જે માત્રા લાગે, તે જૈન.

## મૈત્રીનો મહાન મહિમા

'પ્રેમ' અર્થાત્ જીવ માત્ર સાથે
મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય.
મૈત્રી પવિત્રતાનું અને મુદિતા પ્રમોદનું કારણ છે.
કરુણા અને ઉપેક્ષા જીવને પૂજ્યતા અપાવે છે તથા
મૈત્રી અને પ્રેમ પાપ કરતાં અટકાવે છે.
ઉત્તમ પુરુષો સાથે ગાઢ મૈત્રી એ પણ પરમ ઉપાય છે.
મૈત્રીવંત સત્પુરુષોની સત્પ્રવૃત્તિઓનું મનથી પણ ચિંતન,
પાપ અને તેના વિચારથી દૂર રાખે છે.
સાચી - ગાઢ મૈત્રી સરખા સ્વભાવવાળાઓ
સાથે જ સંભવે છે. જેની સાથે મૈત્રી હોય, તેના ગુણો
લેવા અને તેના સમાન બનવા કુદરતી વલણ રાખવું.
મિત્રો પાસે હૃદયની ગુપ્તતમ વાતો પ્રગટ થઈ શકે.
સારા મિત્રો સાથેનો પરસ્પર વાર્તાલાપ ગુણ મેળવવા
અને અવગુણ ટાળવા માટે પરમ સહાય કરે છે.
ધર્મની શરૂઆત જ જીવમૈત્રીથી થાય છે.

## મૈત્ર્યાદિ ભાવનાઓ કઈ રીતે સ્થિર થાય?

ચિરકાળ પર્યંત નિરંતર અને આદરપૂર્વક સેવેલા વિવેક તથા ઈંદ્રિયનિરોધાદિ મૈત્ર્યાદિ ભાવનાઓ સ્થિર થાય અને આસુરી સંપત્તિરૂપ મલિન વાસનાઓ ક્ષય પામે છે. તેમનો ક્ષય થવાથી શ્વાસોચ્છ્વાસ અને નિમેષોન્મેષની જેમ બુદ્ધિપ્રયત્ન વગર પ્રવર્તેલી મૈત્રી આદિ વાસનાઓ વડે વ્યવહાર કરતાં છતાં તે કદી સિદ્ધ ન થાય, અગર કાંઈ બાધા રહે તો ય તેની ચિંતાનો ત્યાગ કરી તથા, નિંદ્રા, તંદ્રા, મનોરાજ્ય (મનના મિથ્યા તરંગો) પ્રયત્ન વડે શાંત કરીને જ ચૈતન્યવાસનાનો અભ્યાસ કરવો.

## ચૈતન્યવાસના કઈ રીતે સ્થિર થાય?

જેમ શ્વાસોચ્છ્વાસ ક્રિયા અનાયાસ થાય છે, તેમ જડની ઉપેક્ષાપૂર્વક કેવળ ચૈતન્યને વિષે જ મનની સ્વાભાવિક પ્રવૃત્તિ થાય, ત્યાં સુધી ચૈતન્યવાસનાનો અભ્યાસ કરવો. મૈત્રી, મુદિતાદિ શુભ વાસનાઓનો અભ્યાસ કર્યા વિના ચૈતન્યવાસના સ્થિર થઈ શકતી નથી.

'आत्वा देवं मुच्यते सर्व पाशैः ।' अर्थात्:
भगवानने जाणीने सर्व पाश वडे (योगी) मुक्त थाय छे.
योग = जे मैत्री आदि वडे चित्तनी प्रसन्नता जणवे.
मैत्री आदि ४ साधनो अणिमा आदि दैवी संपत्तिओनां,
आमानित्व आदि ज्ञानसाधनोनां तथा जीवन्मुक्त अने
स्थितप्रज्ञनां लक्षणोनां उपलक्षक छे. ए सर्व शुभ
वासनारूप होवाथी मलिन वासनानो क्षय करनार छे.
मैत्र्यादि भावो वडे द्वेषादि वासना नाश थई अने
शुद्ध चैतन्य भावना वडे ते शुद्ध थाय छे.
चित्तरूपी पशुने स्वाधीन वर्तावावाना बे उपाय:
एक तो शत्रु-मित्रादिमां समभाव राखवो ते मृदु उपाय
अने बीजो प्राणायाम आदि कठोर उपाय - तेमां मृदु
उपाय वडे चित्त विना विलंबे वश थाय अने बीजा
हठयोग वडे सत्वरे वश न थतां लांबे काळे वश थाय छे.
स्नेह करे ते मित्र, तेनो भाव अर्थात् समस्त जीवो
प्रत्ये स्नेहपरिणाम, ते मैत्री. - तत्त्वार्थ टीका

## દૈન્યાદિ ભાવો વડે શું પ્રાપ્ત થાય?

દૈન્યાદિ ભાવો વડે અભય, અંતઃકરણની શુદ્ધિ, જ્ઞાન તથા યોગમાં સ્થિરતા, દાન, ઇંદ્રિયનિગ્રહ, સ્વાધ્યાય, યજ્ઞ, તપ, સરળતા, અહિંસા, સત્ય, અક્રોધ, ત્યાગ, શાંતિ, પૈશુન્યરહિતપણું, ભૂતદયા, અલોલુપતા, કોમળતા, લજ્જા, અચપળતા, તેજ, ક્ષમા, ધૈર્ય, શૌચ, અદ્રોહ, અતિમાનનો અભાવ;

વળી અમાનીપણું, અદંભીપણું, ગુરુની સેવા, પવિત્રતા, સ્થિરતા, મનનો નિગ્રહ, વિષયોનો વૈરાગ્ય, જન્મ-મૃત્યુ આદિ વિષે દુઃખ અને દોષદૃષ્ટિ, સ્ત્રી-પુત્રાદિમાં અહંબુદ્ધિનો અભાવ, હર્ષ-શોકરહિતપણું, અવ્યભિચારિણી ભક્તિ, એકાન્ત દેશનું સેવન, આત્મ-જ્ઞાનમાં નિષ્ઠા, તત્ત્વજ્ઞાનના પ્રયોજન રૂપ મોક્ષનું દર્શન તથા શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, સમાધાન-સમાહિતપણું, મુમુક્ષુત્વ, વિવેક, વૈરાગ્ય, અનુદ્વેગ, શ્રદ્ધા, અસ્પૃહા, સંતોષ, આત્મરતિ અને આત્મતૃપ્તિ પ્રાપ્ત થાય છે.

જૈન ધર્મનો ટૂંકસાર છે...

સર્વ જીવો સાથે મૈત્રી અને આત્મસમાન પ્રવર્તન દ્વારા
ભવભ્રમણ નિવારવું અને આત્મસ્વરૂપ પામવું તે.
વિચાર, આચાર અને પ્રચાર - એ ત્રણ જુદા નથી,
પરંતુ એકના જ ત્રણ સ્વરૂપો છે.

સર્વ પ્રકારની શુભ પ્રવૃત્તિઓનો સૌમાં એકીસાથે સંચય
કરાવનાર વૃત્તિનું નામ 'નમ્રવૃત્તિ' જ છે, કેમકે તે મૈત્રી-
પ્રમોદસ્વરૂપ, કારુણ્યમય અને માધ્યસ્થ્યથી ભરપૂર છે.
જે રીતે નીચે રહેલાંને ઊંચે જવા માટે નમવું પડે છે,
તેમ આધ્યાત્મિક સાધનામાં પણ ઘણા નીચા સપાટીએ
રહેલાં જીવોને ઊંચે ચઢવા માટે નમ્રવૃત્તિ જ સહાયક છે.

મન જે જે ઉપાયોથી સ્થિર અને શાંત થાય,
તે બધાં આધ્યાત્મિક રસાયણ અને વાજીકરણ છે.
તે ભોજન - પાન હો, સુંદર રૂપ - સ્પર્શ હો,
ગીત - સંગીત હો, સુંદર અને સુશોભિત વસ્ત્ર - અલંકાર હો,
મૈત્રી - પ્રેમ હો કે પછી પ્રીતિ - ભક્તિ હો.

V. Imp.

સર્વ જીવો પ્રત્યે આત્મતુલ્યભાવ આવ્યા વિના; આત્મ-
તુલ્ય સ્નેહના પરિણામ જગાડ્યા વિના; મૈત્રી, પ્રમોદ,
કારુણ્ય, માધ્યસ્થ્યભાવ ભાવ્યા વિના ચિત્તાશય ટકતો નથી,
તે વિના સમતા ટકતી નથી. સમતા વિના વિરતિ ન ફળે
અને વિરતિ વિના જ્ઞાન વંધ્ય બને છે.

જ્ઞાનનો વિષય જીવરાશિ અને તેમના સુખ-દુઃખ છે.
'જે સુખ પોતાને અભિષ્ટ છે, તે સુખ સર્વને મળે' અને
'જે દુઃખ પોતાને અનિષ્ટ છે, તે સર્વને ન મળે' એ જાતિનો
ભાવ જાગ્યા સિવાય આત્માની શુદ્ધિ કેમ રીતે થાય?
ઈર્ષ્યા, અસૂયાદિ ચિત્તના મળો કેમ રીતે નાશ પામે?
પરમાત્માની ભક્તિમાં નડતાં વિક્ષેપો કેમ રીતે દૂર થાય?
સમસ્ત પ્રદેશે કર્મના ભારથી ભરેલો અને વાસનાનાં
જોરથી પરાભૂત થયેલો આત્મા હલકો કેમ રીતે બને?
વળી આત્મા વાસનાથી નિર્મુક્ત કેમ રીતે થાય?

માટે જ્ઞાનનાં સ્થાને જ્ઞાનનું જેટલું માહાત્મ્ય છે,
તેટલું જ ભાવનાના સ્થળે ય ભાવનાનું માહાત્મ્ય છે.

ધર્મી માત્રનું કર્તવ્ય છે કે:

તેની ભાવના સર્વ જીવના હિતવિષયક હોવી જોઈએ.
તેમાં જેટલી કચાશ, તેટલી તેના ધર્મીપણામાં કચાશ.
કર્તવ્યહીન થતાં બચવા સર્વજીવવિષયક હિતની ભાવના
અને એ ભાવનાપૂર્વક યથાશક્ય વર્તનની આવશ્યકતા છે.
વર્તનમાં ઓછાં-વધતાંપણું આલોચનાદિથી શુદ્ધ થઈ શકે,
કિન્તુ ભાવનામાં ન્યૂનતા માટે ભાવનાની પૂર્ણતા સિવાય
બીજું કોઈ આલોચના કે પ્રાયશ્ચિત નથી.
લૌકિકમાં જેમ કૃતઘ્નીને કૃતજ્ઞતા સિવાય શુદ્ધિ માટે બીજું
કોઈ પ્રાયશ્ચિત છે નહિ, તેમ લોકોત્તરમાં નમસ્કારભાવ
વિના, સર્વ જીવોના હિતાશય વિના, સર્વ જીવો પ્રત્યે
(પરિપૂર્ણ) સ્નેહ વિકસાવ્યા સિવાય બીજું પ્રાયશ્ચિત નથી.

જ્ઞાન બીજાને જાણવા માટે છે,
ભાવના પોતાને સુધારવા માટે છે.

જગત તમામને જાણ્યા પછી પણ પોતાને, પોતાની
જાતને સુધારવાની ભાવના ન જાગે, તો તે જ્ઞાન વડે શું?

## જીવની અપાત્રતા - અયોગ્યતા શેનાથી વધે તથા ઘટે?

મૈત્ર્યાદિ ચાર ભાવના નહીં ભાવવાથી,
પાપને પ્રશંસવાથી, ધર્મને નિંદવાથી, પરમ શ્રદ્ધેય અનન્ય શરણભૂત અરિહંતાદિ ચારને નહિ નમવાથી, અનન્ય ભાવે તેમના શરણો નહિ રટેવાથી અને તેમના સિવાય અશરણભૂત સમગ્ર સંસારને ભરોસે જે શરણો રટેવાથી જીવની અપાત્રતા, અયોગ્યતા, ભવભ્રમણ શક્તિ વધે છે.
તેનાથી વિરુદ્ધ પાપનિંદા, ધર્મપ્રશંસા અને અનન્ય ભાવે ચારને શરણો રટેવાથી મુક્તિગમન યોગ્યતા વધે, સદ્ગુણ સ્થિરત્વ તથા સહાયભાવનિર્માણ આપોઆપ થવા લાગે છે.
નમસ્કારનું ભાવપૂર્વક સ્મરણ - રટણ સતત થયે જીવને ભાવધર્મની સિદ્ધિ માટે સર્વના શુભની જ ચિન્તવના તથા ચતુર્ગતિ રૂપ સંસારની સદા જુગુપ્સા થાય છે.

## સમ્યક્ત્વ કેવા વિચારથી મળે?

'પોતાનો આત્મા અને બીજાના આત્મા વચ્ચે તાત્વિક અભેદ છે' એ સમજણમાંથી જ સમ્યક્ત્વ પેદા થાય છે.

પાત્રતાનો વિકાસ સત્વના વિચાર સાથે સંબંધ ધરાવે છે.

ભાવનાથી પાત્રતા વિકસે છે,

જ્ઞાનથી તે સ્થિર થાય છે, ક્રિયાથી તે ઝડપી બને છે.

જ્ઞાનમાં બોધની, ભાવમાં શુદ્ધિની અને ક્રિયામાં વીર્ય-શક્તિની પ્રધાનતા છે. પરમાત્મભક્તિ અને જીવમૈત્રીરૂપી બે તુંબડાઓની સહાયથી તપ - નિયમ - સંયમરૂપી રથમાં બેઠેલો સાધક સુખપૂર્વક ભવસાગરને તરી જાય છે. ભક્તિથી અનુગ્રહ અને મૈત્રીથી પુણ્યનો અનુબંધ થાય છે.

તે વડે બધી સાધના સફળ બને છે.

બીજ તરીકે જીવોની મૈત્રી - પરમેષ્ઠિ ઈશ્વરની ભક્તિ,

જળના સ્થાને શ્રદ્ધા અને વિશ્વાસ, પવનના સ્થાને તપ,

પ્રકાશ - ગરમીના સ્થાને જ્ઞાન અને પ્રેમ તથા

વાડના સ્થાને ચારિત્ર અને સંયમ છે.

વૈરાગ્યને વિકસાવવા માટે ભેદને તથા મૈત્રી અને ભક્તિને વિકસાવવા માટે અભેદને આગળ કરવો જોઈએ. જેમાંથી એક પણ ચૂકાય તો આરાધના પાંગળી બને છે.

## મુક્તપુરુષના ૪ પરમ ધર્મ

મૈત્રી - શ્રી હરિ, ગુરુ, સંત, હરિજન અને
સમગ્ર સજાતીય પ્રવાહ પ્રત્યે મૈત્રી.

મુદિતા - પરમાત્માના સમાગમનો આનંદ.

કરુણા - શિષ્ય, મુમુક્ષુ, આશ્રિત અને આપ્ત પ્રત્યે કરુણા.

ઉપેક્ષા - માયા પ્રત્યે ઉદાસીનતા અથવા નિઃસ્પૃહતા.

મૈત્રી, કરુણા અને મુદિતામાં જેનો સમાવેશ ન થાય,
તે સર્વ પ્રત્યે ઉપેક્ષા રાખવી તે મુક્તપુરુષનો ધર્મ છે.
વૈરાગ્યનો સૌ પ્રથમ પાયો મૈત્રી, કરુણા, મુદિતા, ઉપેક્ષા છે.
'વૈરાગ્ય' શબ્દ કદાચ પ્રાચીનતમ લાગશે, પરન્તુ એમાં
રહેલી ભાવના અને એનો અર્થ તો સદા અર્વાચીન જ છે.

જગતના એક પણ જીવનો તિરસ્કાર
એ જગતપિતાના તિરસ્કાર સમાન છે.

જીવનો તિરસ્કાર પોતાના જ શિવસ્વરૂપનો તિરસ્કાર છે.
અત્યંત વિશુદ્ધ, મહાપુરુષોએ સેવેલો, સર્વને હિતકારી
એવો ધર્મ મૈત્ર્યાદિ સ્વરૂપ હોવાથી સૌને હિતકારી છે.

## સિદ્ધ તથા સાધકના ચાર મુખ્ય ગુણો

સિદ્ધ : ૧) મૈત્રી ૨) કરુણા ૩) મુદિતા ૪) માધ્યસ્થ્ય.
સાધક: ૧) વિવેક ૨) વૈરાગ્ય ૩) ષટ્સંપત્તિ ૪) મુમુક્ષુતા.

## જ્ઞાનમાર્ગ સાથે અભેદબુદ્ધિ શું કરે ?

તે હિંસાદિ પાપોનું નિવારણ કરે,
તેમ સ્વાત્મા સાથેનું તાદાત્મ્ય વિષયાકર્ષણને નિવારે છે.
તિર્યક્સામાન્યના વિચારથી મૈત્રી તથા ઊર્ધ્વતાસામાન્યના વિચારથી વૈરાગ્યભાવ વિકસે, વળી પરથી ભિન્ન અને સ્વથી અભિન્ન - એમ ઉભય રીતે વિચારી શકાય છે.
મૈત્રી હિતચિંતાની અપેક્ષા રાખે છે અને હિતચિંતા સમ્યગ્જ્ઞાનની તથા યથાર્થ વિવેકની અપેક્ષા રાખે છે.

## યથાર્થ વિવેકના બે પ્રકારો

(૧) જીવ - જીવ પ્રત્યેની સમાનતાનો વિવેક.
(૨) પુદ્ગલ પ્રત્યેની વિભિન્નતાનો વિવેક.

સ્વની હિતચિંતા કે પરહિતચિંતા એ શુભ સવિકલ્પ દશાનો પ્રારંભ છે. એનો પ્રકર્ષ અપરાધીનું પણ શુભ ચિંતવવું તે છે.

સ્વાધ્યાય અને ધ્યાનમાં પણ મૈત્ર્યાદિ ભાવો છે.

Imp અભ્યંતર નિમિત્તોમાં સ્વાધ્યાય અને ધ્યાન - એ બંને કુશળ ચિત્તને આધાન હોવાથી શ્રુતમાં જે ઉત્કૃષ્ટ ધર્મને ઉત્પન્ન કરનારા કહ્યાં છે, એમાં પણ ઉપલક્ષણથી મૈત્ર્યાદિ ભાવોનું ગર્ભિત સૂચન આવી જાય છે.

મોક્ષના અસંખ્ય માર્ગોમાંથી જીવને કોઈ એકથી મુક્તિ મળે,
તેમ મૈત્ર્યાદિ ભાવો પણ એક યોગ છે.

મૈત્ર્યાદિ ચાર ભાવનાઓ અંતરાત્માને પ્રાપ્ત થાય છે.
મૈત્રી પ્રાણીઓ તરફ પ્રેમ ભાવનાર છે,
પ્રમોદ ગુણોમાં રમણ કરાવનાર છે,
કરુણા હૃદયથી ભીના કરનાર છે તથા
માધ્યસ્થતા હૃદયની વિશાળતા બતાવનાર છે.

અરિહંતના શરણથી મૈત્રી આવે છે અને ક્રોધ જાય છે.
સિદ્ધના શરણથી પ્રમોદ જાગે છે અને માન જાય છે.
સાધુના શરણથી કરુણા પેદા થાય અને માયા જાય છે.
ધર્મના શરણથી માધ્યસ્થ્ય આવે અને લોભ જાય છે.

## જયણા અને પ્રભુભક્તિ

તીવ્ર કષાયને મંદ બનાવનાર જયણા છે અને
મંદ કષાયોને નિર્મૂલ કરનાર ભક્તિ છે.
જયણાથી આર્તરૌદ્ર ધ્યાન જાય છે અને
ભક્તિથી ધર્મ - શુક્લધ્યાન ઉત્પન્ન થાય છે.
જયણાનો વિષય સકલ જીવરાશિ છે અને
ભક્તિનો વિષય પરમાત્મતત્ત્વ છે.
જીવને ઊંચે ચઢવા અને નીચે પડતો અટકાવવા માટે જયણા
દ્વારા સકલજીવરાશિ આલંબન પૂરું પાડે છે અને ભક્તિ
દ્વારા સર્વ પરમેષ્ઠિ ભગવંતો આલંબન પૂરું પાડે છે.
દુર્ગતિમાં પડતાં બચાવનાર જયણાભાવ છે અને
સદ્ગતિમાં લઈ જનાર ભક્તિભાવ છે.
જયણાશૂન્ય જીવો હિંસાદિ પાપ આચરી દુર્ગતિમાં જાય છે.
ભક્તિશૂન્ય જીવો મુક્તિના દર્શનને પામી શકતાં નથી.
જયણાનું ધ્યેય ભક્તિ અને ભક્તિનું સાધન જયણા છે.
જયણા વિના ભક્તિ અને ભક્તિ વિના મુક્તિ અસાધ્ય છે.

આજે આપણે કોઈ પાપસ્થાનક વિરમીએ છીએ, તેમાં
પ્રધાનકારણ અન્ય મહાસત્ત્વોની કરુણા હોવાનું સમજાય છે.
તે તે તીર્થમાં પ્રવર્તતી પાપનિવર્તનની તમામ પ્રવૃત્તિ પ્રત્યે
તીર્થપતિની કરુણા આદિમ કારણ બને છે.
આ રીતે એમ સમજાય છે કે અનેક ભાવો વડે
આપણી પ્રત્યેક આરાધના મહાસત્ત્વો પુષ્ટ કરી રહ્યાં છે.
એ કાર્ય એ મહાસત્ત્વોનું પ્રભાવ છે, તેથી
'આરાધનામાં હું એકલો નથી પણ
વિશ્વના તમામ જીવો મારી સાથે છે.
બાળ જીવોની આરાધનામાં ય મારી ભાવ સહાયક છે.
અમે સૌ બધા મળીને ઉપર જઈ રહ્યાં છીએ.
મહાસત્ત્વો આપણને બધાને એકસાથે ઉપર લઈ જઈ રહ્યાં છે'
એવા અનુપમ વિશિષ્ટ ભાવ પ્રાપ્ત થાય છે.
જ્યારે આપણા હૃદયમાં યથાર્થ ભાવપૂર્વકની
મૈત્રી અને ભાવકરુણા ઉત્પન્ન થાય છે, ત્યારે
તે વડે ઘણાં જીવો તે તે પાપસ્થાનોને સેવતાં અટકે છે.

યોગનું મૂળ મૈત્રી છે.

યોગવૃદ્ધિમાં મૈત્રીની વૃદ્ધિ થાય જ છે.

ભવાભિનંદીને મૈત્રીભાવ ન હોય.

ભવાભિનંદિતા જાય એટલે મૈત્ર્યાદિ પ્રગટે છે.

ચરમાવર્તને નવનીતાદિ કલ્પ કહ્યો છે.

એ શબ્દ માર્દવનો સૂચક છે, તે મૈત્રી વિના ન હોય.
યોગદૃષ્ટિમાં મિત્રા દૃષ્ટિવાળા જીવોને યથોચિતની નિષ્પત્તિમાં
અનુક્રમે ઈક્ષુ આદિ કલ્પ કહ્યાં છે. અભવ્યોને નલાદિ
કલ્પ કહ્યાં છે. ભવ્ય-અભવ્ય વચ્ચેનો તફાવત માર્દવ
અને સંયોગના કારણે છે. એ ભાવો મૈત્ર્યાદિ વિના ન ઘટે.

'યોગબિન્દુ' ગ્રન્થના શ્લોક ૨૯૩માં...

અપુનર્બન્ધકને ક્રોધાદિ અબાધિત, શાન્ત, દાન્ત, ગમ્ભીર
વગેરે કહેલ છે, તે મૈત્ર્યાદિ વિના કેમ ઘટે?

બ્રાહ્મણો સ્નેહપરિણામ વડે સિદ્ધિ પામે છે,
એમાં સંશય નહિ. બીજું કાંઈ કરે કે ન કરે,
જો મૈત્રીભાવ રાખે, તો તે 'બ્રાહ્મણ' કહેવાય.

'ઔચિત્ય' શબ્દનો પ્રયોગ શાસ્ત્રકારો પુનઃ પુનઃ કરે છે,
તે આ અર્થ લાવ્યા વિના કેમ આવે?
आनन्दो जायतेऽत्यंतं । અર્થાત્ઃ અત્યંત આનંદ થાય છે.
આનંદ એ પ્રમોદભાવનું જ ફળ છે.
'मुक्तेरासन्नभावेन प्रमोदो यो विजृम्भते ।'
અર્થાત્ઃ મુક્તિ નજીક થવાથી જે આનંદ પ્રગટે છે તે.
પ્રમોદભાવ ગ્રંથિભેદમાં અગત્ય કારણ હોઈ, શમ લાગે છે.
ગ્રંથિ ભેદતાં એ પ્રમોદ તેમના પ્રત્યે થાય છે કે જેઓ સર્વ
જીવોના હિત કરે અને બીજું વચન પણ એવું જ છે.
એ પ્રમોદ એક પ્રકારનું આસ્તિક્ય જ છે.
આવો શ્લોક 'યોગબિન્દુ'માં આવે છે. તાત્પર્ય કે મોક્ષની
ઇચ્છા પ્રધાનતર થતાં જ પ્રમોદભાવ પ્રગટ થાય છે.
પ્રમોદનો વિષય આગળતાં પણ સર્વજીવહિતકર
હોવાથી અંતે જીવમાં એ ગુણ (સર્વજીવહિતકારિતા)
પ્રગટે જ છે, પ્રથમ અવસ્થામાં ભલે એ ગુણ ન હોય.
ધર્મ વિના કોઈપણ વસ્તુનો યથાર્થલાભ થઈ જ ન શકે.

<u>પ્રમોદભાવનું એ અંતિમ ફળ છે કે:</u>
<u>તે ભાગ્યવાન સ્વયં સૌના પ્રમોદનો વિષય બને છે.</u>

આમ ચાર ભાવોના ઉત્કૃષ્ટ વિષયો સર્વ સત્ત્વો, દુઃખિત જીવો, ગુણી પુરુષો અને ઉપેક્ષણીય આત્માઓ છે. તેને સ્પર્શ્યા વિના શુદ્ધ ધર્મધ્યાન સંભવતું નથી. ધર્મ પોતે જ ભદ્ર પરિણામરૂપ છે કારણ કે જે આત્મામાં ધર્મ રહે છે, તે બીજાઓના (ગુણાધિકોના) ભાવોને લે છે અને બીજાઓને (હીનગુણીને) ભાવો આપે છે, અપિતુ ગુણાધિકોના કરુણાદિ ભાવોને અને હીનગુણીના પ્રમોદાદિ ભાવોને પોતાના તરફ આકર્ષે છે. આ આદાન - પ્રદાનથી ધર્મ ટકે છે, પુષ્ટ થાય છે અને ધર્મનું સ્વરૂપ પણ તે જ છે.

એ સ્વરૂપ જ વસ્તુમાત્રના સ્વરૂપનું પણ સ્વરૂપ છે. વૃત્તિમાં દ્વેષભાવ ન લાવતાં, પ્રવૃત્તિમાં મૈત્રી પણ ન લાવતાં, કેવળ વૃત્તિથી મૌન ધારણ કરવી, તે ઉપેક્ષણીય પ્રત્યેનો અદ્વેષ ઉપેક્ષણીયની વૃત્તિમાં ધર્મ પ્રત્યે અદ્વેષ જગાડે છે.

બુદ્ધિ જાગ્યે એટલે ધર્મ માટે યોગ્ય બને છે અને
મહાપુરુષોની કરુણાનું ભાજન બને છે.
એ કરુણા પછી એને વધતાં ભાવો તરફ લઈ જાય છે.
એમાં પહેલું બાળકોના ભાવોને લેવાનું અને
બાળકોને ભાવો આપવાનું સામર્થ્ય વધતું જાય છે.
ધર્મની આટલી સમજ આવ્યા પછી સમજાય છે કે:
ઉપેક્ષણીયને ઉપાલંભ ન આપવો,
એ એને અધર્મમાંથી ન કાઢવા બરાબર છે.
'કરુણાના વિષયને કરુણા ન આપવી' એટલે
એમાં ધર્મના બીજ ન નાંખવા.
Most Important
'ગુણીને પ્રમોદ ન આપવો' એટલે
પોતાની અયોગ્યતા વધારવી.
'સત્ત્વોને મૈત્રી ન આપવી' એટલે
પોતાના સમ પરિણામને પોતાનામાંથી વિચ્યુત કરવો.
જીવોની સૌથી મોટી ઉપકાર એ છે કે તેઓ મૈત્ર્યાદિના
વિષય બની આપણને ધર્મમાં આગળ વધારી રહ્યાં છે.

તીર્થંકરોની આજ્ઞાનું બહુમાન કેળવ્યા વિના તથા તેના ઉપર કૃતજ્ઞતાભાવ દર્શાવ્યા સિવાય ગમે તેટલી સાધના ભલે તો પણ તે આત્માનો નિસ્તાર કરી શકતી નથી.

નિસ્તાર કરવા માટે જેનાથી ઉપકાર થઈ રહ્યો છે, સઘળાં ઉપકારનું જેમાંથી મૂળ છે, તેના પ્રત્યે નમ્રતા, કૃતજ્ઞતા, ભક્તિભાવ, આદર, બહુમાનાદિ આવશ્યક છે.

તીર્થંકર નામકર્મ જગદુપકારક અને જગદુદ્ધારક છે, તેથી તેને અને તેને ધારણ કરનાર તીર્થંકર ભગવંતોને સર્વ જીવોના હિતકારી, સુખકારી તરીકે અંગીકાર કરીને તેમના જ એક સેવામાં જીવનની સફળતા સ્વીકારવી.

કાર્યની સફળતા કે નિષ્ફળતામાં સમભાવ દેખાય, ત્યારે સમજવું કે ખરેખરી પરોપકાર વૃત્તિ આવી ગઈ છે.

બધા જીવો પ્રત્યે કૃપા, કરુણાયુક્ત અને
પરોપકાર ભાવવાળું ચિત્ત એ પ્રણિધાન છે.
એના વિના બધી ક્રિયા એ દ્રવ્યક્રિયા અને તુચ્છ છે.
પ્રણિધાન વગેરે ક્રિયાશુદ્ધિનું કારણ છે.

ગૌતમ = 'નમો'. તેથી કૃતજ્ઞતા - વિનયનું સ્વરૂપ છે.

મહાવીર = 'અરિહંતાણં.'

તેથી પરોપકાર અને વિવેકનું સ્વરૂપ છે.

સર્વ પરમેષ્ઠિ ભગવંતો આજ્ઞાપૂર્વક ઉપકારી છે અને
જીવાસ્તિકાય સ્વભાવથી પણ ઉપકારી થઈ રહી છે.

જાણતાં કે અજાણતાં જેને જેનાથી ઉપકાર થાય,
તેણે તેને નમવું જોઈએ, તેનો આભાર માનવો જોઈએ
તથા તેના પ્રત્યે કૃતજ્ઞ થવું જોઈએ.

કર્મમુક્તિ માટે પંચ પરમેષ્ઠિઓને નમન જરૂરી છે.
જીવોને નમવાથી દ્રવ્યદુઃખો છૂટે છે તથા
પરમેષ્ઠિઓને નમવાથી ભાવદુઃખ જાય છે.
એકથી અધોગતિ અટકે, બીજાથી ઊર્ધ્વગતિ થાય છે.
સર્વ જીવોએ દ્રવ્યથી પણ કાંઈને કાંઈ લાભ કર્યો જ છે,
તેથી તેમને નમવું જોઈએ. સાચો દાતાર યાચકને ય નમે.
સર્વ પ્રત્યે નમનનો ભાવ આવ્યા વિના
પરમેષ્ઠિ પ્રત્યે અંતરથી નમન ભાવ ઉગતો નથી.

ઈશ્વરને માનવ ગમતું

મોટામાં મોટો કોઈ અસંતોષ હશે, તો તે કૃતઘ્નતાનો.

કૃતજ્ઞતા એ શુદ્ધ જીવનું લક્ષણ છે, જ્યારે
કૃતઘ્નતા એ પામર જીવનું લક્ષણ છે.

કૃતજ્ઞતાનો અભાવ જીવને અંતે નાસ્તિક બનાવે છે.
જીવો ઉપર આત્મકલ્યાણ - ઉપકારીપણાંનો ભાવ આવે, તો
જ પરમેષ્ઠિઓ પ્રત્યે ઉપકારીપણાંનો ભાવ શક્ય છે.
એવા જીવાત્માઓ જે ઉપકારી બન્યાં, તેઓ પ્રત્યે બહુમાન
ન જાગે, તો બાળ પણ અધિકારીઓ પ્રત્યે - બાળ
જીવાત્માઓ પણ ઉપકારીપણાંનો ભાવ આવી શકવાનો નહિ.
જે ઉપકારી બને, તે સર્વ પ્રત્યે નમનનો ભાવ લાવવો.

૨ લાખ નવકારનું ઉદ્યાપન ક્યાં કરવું જોઈએ?

આબુજી અને રાણકપુર - ઉત્તમ તીર્થસ્થળે

૨ લાખ નવકાર જાપના ઉદ્યાપન થવા જ જોઈએ.

એ ઉદ્યાપનો કરવાથી મંત્ર સહિતની
વિશ્વવાત્સલ્યની ભાવનાને અધિકાધિક વેગ મળશે.

આ તત્ત્વ શ્રી રાણકપુરજી તીર્થમાં સમજાયું છે કે:

એક જગ્યાએ કૃતજ્ઞતાભાવ બતાવવામાં આવે અને બીજી જગ્યાએ બતાવવામાં ન આવે, તો જે જગ્યાએ બતાવ્યો, તે જગ્યાએ ગુણરૂપ નહિ પણ ગુણાભાસરૂપ છે.

જ્યાં જ્યાંથી જે જે રીતે અને જેટલો જેટલો ઉપકાર જીવને બીજા તરફથી થઈ રહ્યો છે, ત્યાં ત્યાંથી તે તે રીતે અને તેટલો તેટલો ઉપકાર સરળતાથી સ્વીકૃત થાય, તો જ ગુણ બને. એ રીતનો સ્વીકાર જ જીવને ગુણરૂપ થઈ, પાત્રતા વિકસાવી અધિક સામગ્રીનો અધિકારી બનાવે.

અજ્ઞાનીને સુખ સ્વપ્ના જેવું - દુઃખ દરિયા જેવું અને જ્ઞાનીને સુખ સમુદ્ર જેવું - દુઃખ ટીપા જેટલું લાગે.

કૃતજ્ઞતા ગુણવાળાને સુખ વધારે - દુઃખ ઓછું લાગે છે, કેમકે તેઓ સુખનો વિચાર વધુ કરે છે, દુઃખનો નહિ.

જે આંબાને પ્રથમ મોર આવ્યો હોય, તેને જ ફળ આવે.

અલૌકિક સુખ પણ કૃતજ્ઞતા વડે જ અનુભવી શકાય.

પરોપકાર પુણ્ય માટે નહિ, પરપીડા પાપ માટે થાય છે.

'નમો'માં કૃતજ્ઞતા છે, પરાર્થકારિતા છે,

ઉપરાંત આત્મસમદર્શિતા અને પરમાત્મસમદર્શિતા છે.

કૃતજ્ઞતાની સાધના માનવજન્મનાં મુખ્ય ફળરૂપ છે.

જ્યાં દયા-દાક્ષિણ્ય-વિનય-વૃદ્ધાનુસારિત્વ-અક્રૂરત્વ-
પ્રકૃતિસૌમ્યત્વ-અક્ષુદ્રત્વ અને મધ્યસ્થ સૌમ્યદૃષ્ટિત્વ છે,
ત્યાં આત્મસમદર્શિત્વ ભાવનો જ શુભ અભ્યાસ છે.

જ્યાં કૃતજ્ઞતા, પરોપકાર, દીર્ઘદર્શિતા, સૂક્ષ્મદર્શિતા,
લબ્ધલક્ષિતા આદિ ગુણો છે, ત્યાં પણ નમસ્કાર જ છે,
કેમકે નમસ્કાર એ કૃતજ્ઞતાદિ ગુણોનું જ પાલન છે.

સર્વ પાપના આશ્રવનું કારણ કૃતઘ્નતા છે અને
સર્વ અમંગળનું મૂળ અનાત્મભાવ છે.

નમસ્કારથી આત્મભાવ કેળવાય, જે પરોપકારને પુષ્ટ કરે.

નમસ્કાર વડે કૃતજ્ઞતા અને પરોપકાર -
એ બે ગુણ કેળવાતાં હોવાથી, તે પરમ
મંગળરૂપ, કલ્યાણકર, પુણ્યસંચયરૂપ, પાપનાશરૂપ છે.
અધર્મનો નાશ અને ધર્મની વૃદ્ધિ તેનાથી સધાય છે.

'નમો' એ કૃતજ્ઞતાનું પ્રતીક છે અને
અરિહંતાદિ સર્વ એ પરોપકારના પ્રતીક છે.

જેમ પુદ્ગલ પ્રત્યે સ્વબુદ્ધિ, અભેદનું જ્ઞાન
ક્લેશ અને કર્મબંધનું કારણ છે,
તેમ જીવો પ્રત્યે અનાદિ અવિદ્યા અને
મોહવશ સ્વબુદ્ધિ, ભેદનું જ્ઞાન પણ
નિઃસ્નેહતા અને નિરપેક્ષતા ભાવનાર હોવાથી
પરોપકાર અને કૃતજ્ઞતાભાવથી શૂન્ય બનાવે છે.
એ જ ભાવનાં અભ્યાસમાં મુક્તિ અશક્ય બને છે.
જીવોમાં જગત પ્રત્યેની મમતાથી પરાર્થભાવ જાગે છે
અને અહંતાથી કૃતજ્ઞતાભાવ જાગે છે.
જેમ ભેદજ્ઞાનથી જીવોમાં
અહંતા અને મમતાનો વિલય થાય છે,
તેમ અભેદજ્ઞાનથી જીવોમાં
કૃતજ્ઞતા અને સ્વાર્થપરાયણતારૂપી પાપોનો વિલોપ થાય છે,
તેથી ભેદની સાથે અભેદજ્ઞાન હોવું પણ આવશ્યક છે.

બુદ્ધિના બે ગુણ : વિશિષ્ટતા તથા બહુમુખતા વડે જ
કૃતજ્ઞતા અને પરોપકારનું મહાત્મ્ય સમજાય છે.
કૃતજ્ઞતા અને પરોપકાર વિશેષ નિપુણમતિ વડે જન્મે છે.
વિશિષ્ટ નિપુણમતિ સૂક્ષ્મ બુદ્ધિ મળે, ત્યારે જ થાય.

જ્ઞાનના સાધનો વડે
પોતે બીજા ઉપર કરેલ ઉપકારોનું સ્મરણ રહેવું અને
બીજાઓએ પોતા ઉપર કરેલા ઉપકારોનું વિસ્મરણ કરવું,
તે ભયંકર દુરુપયોગ છે,
કેમકે તેથી કુટિલ સંસ્કાર પેદા થાય છે.
સંસ્કાર તો જ શમે જો જ્ઞાનના સાધન વડે બીજાના થતાં
ઉપકારોને યાદ રાખીએ અને અપકારોને ભૂલી જઈએ.
અપકારની અપેક્ષાએ ઉપકારની સંખ્યા વધારે જ હોય છે.
ઘણાં ઉપકારો વચ્ચે એકાદ અપકારને યાદ કરવો,
એ કૃતઘ્નતા, દુ:ખ અને ક્લેશજનક છે.
અપકાર યાદ રાખવાથી કષાય પેદા થાય છે, જ્યારે
ઉપકાર યાદ કરવાથી આનંદ, સંતોષ, ઉલ્લાસ વધે છે.

તેથી જ કૃતજ્ઞતાને ગુણ મનાય છે અને
માનવ મનમાં રહેલી કૃતઘ્નતાને દુર્ગુણ મનાય છે.
કૃતજ્ઞતા સંતોષજનક છે, કૃતઘ્નતા સંઘર્ષજનક છે.
વિશ્વના ઉપકારો લઈને આપણે જીવીએ છીએ, તેથી
આપણને મળેલા સાધનો વડે જગતનો ઉપકાર કરવો,
તે આપણો ધર્મ છે, ફરજ છે, કર્તવ્ય છે.

જગતનું સાચું રૂપ એ છે કે...

જગતના ઉપકાર પ્રત્યે કૃતજ્ઞ રહેવું અને
'સ્વાર્થપરાયણ રહેવાથી સ્વજનને દુઃખદ સંઘર્ષ છે'
એને સરળતાથી સ્વીકારવું.

જગતના ઉપકારને ન ભૂલો, અપકારને ભૂલો તથા
પોતે કરેલા અપકારને ન ભૂલો - ઉપકારને ભૂલો,
તો જ સુખ અને શાંતિનો અનુભવ કરી શકાય છે.
જગતમાં ઉપકારનું પ્રમાણ વધારે છે, અપકારનું અલ્પ છે,
તેથી અલ્પ અપકાર યાદ રાખવાનો આપણને અધિકાર નથી,
કેમકે આપણે અધિક ઉપકાર લઈએ છીએ.

બુદ્ધિનો સદુપયોગ ઉપકારો પ્રત્યે કૃતજ્ઞ રહેવામાં અને
સ્વાર્થનિરપેક્ષતાને સાધવી, ત્યાગ માનવામાં છે.

જ્ઞાનના સાધનો મળવા છતાં જે કૃતજ્ઞને બદલે કૃતઘ્ન બને,
તે નરકનો અધિકારી છે.

પરાર્થને બદલે સ્વાર્થને જ મુખ્ય માને, તે પશુતુલ્ય છે.

દીર્ઘદર્શિતા અને પારિણામિકી બુદ્ધિ - બે એક જ છે.

દેવ અને ગુરુ, સંઘ અને સાધર્મિક - અકારણવત્સલ છે.

સાચું બહુમાન કૃતજ્ઞતાભાવજનિત હોય છે.

એવા બહુમાનથી ક્ષાન્ત્યાદિ-જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ થાય છે,
કેમકે તેથી માન જાય છે, વિનય આવે છે,
કોપ થતો નથી, વંચના કરવાનો પરિણામ પણ જાગતો નથી.

બહુમાનથી પ્રસન્ન થયેલ ગુર્વાદિ તરફથી
જ્ઞાન, પદ, ગૌરવ ઇત્યાદિની પ્રાપ્તિ થાય છે.

મનુષ્યમાંથી કૃતઘ્નતા જાય અને કૃતજ્ઞતા આવે,
ત્યારે તે વધુ અને વધુ નમ્ર બને છે.

અને નમ્રતા તેને બીજા બધા ગુણો મેળવી આપે છે.

દાન, શીલ, તપ, ભાવ, ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ,
દયા, જ્ઞાન, ધ્યાન આદિ ગુણો વડે પાપનો નાશ અને
પુણ્યની પુષ્ટિ થાય છે. તે ઉપકાર તીર્થંકર દેવોનો છે.
ઉપકારીઓનો ઉપકાર માનનારને ઉપકાર થાય છે, માટે
તે માનવો જોઈએ, નહિ કે ઉપકારીઓને તેની જરૂર છે માટે.
ખરા ઉપકારી અને સૌથી મોટા ઉપકારી જે હોય છે,
તેમને પ્રત્યુપકારની ઈચ્છા કદી હોતી નથી, તેટલાં જ ખાતર
જો તેમનો ઉપકાર માનવાનો ન હોય, તો જીવ કૃતઘ્ની ઠરે.
કૃતઘ્નીની કદી શુદ્ધિ થતી નથી - તેમને પ્રાયશ્ચિત્ત હોતું નથી.

પ્રાયશ્ચિત્ત પાપના પશ્ચાત્તાપવાળાને હોય છે.

કૃતઘ્નતા એ જ મોટું પાપ છે,

તેથી તેનાથી પાછા ન ફરનારને શુદ્ધિ કેવી રીતે થાય?
કૃતજ્ઞતા એ કૃતઘ્નતારૂપી પાપથી પાછા ફરવાની ક્રિયા છે,
કૃતઘ્નતારૂપી મહાદોષનું તથા મહાપાપનું પ્રાયશ્ચિત્ત છે.
દોષી દોષ કબૂલીને તેથી પાછો ફરવાની ક્રિયા કરે નહિ,

તો તેનો દોષ વધતો જ જાય છે.

પાપ કરવા કરતાં, પાપ કરવા છતાં તેનો સ્વીકાર ન કરનારને અનંતગણો દોષ, મૂળ દોષનો ગુણાકાર થાય છે.

કૃતઘ્નતારૂપી દોષથી મુક્ત થવા કૃતજ્ઞતા ગુણનું પાલન છે, તેથી તે ઉપકાર કરનારના પ્રત્યુપકારરૂપ નહિ, પરન્તુ કૃતઘ્નતાથી પોતાને થતાં અપકારના પ્રતિકારરૂપ છે.

મનુષ્યમાત્રનો પ્રધાન ધર્મ કૃતજ્ઞતા છે.

તેનું જો તે પાલન ન કરે, તો માતા-પિતાથી માંડી દેવ-ગુરુ પર્યંતના સર્વ ઉપકારીઓનો અપલાપ કરનારો થઈ અનંત વિરાધક બને.

મનુષ્યને સૌથી અધિક સાધન મળ્યાં છે, તેના ઉપર ઘણાં ઉપકારીઓનો ઉપકાર છે, તેથી તેણે સૌથી વધુ નમ્ર-કૃતજ્ઞ-પરહિતાર્થકારી થવું જોઈએ. અન્યથા તેની શુદ્ધિ ન થાય, એટલું જ નહિ પરંતુ બળ બધા જબરસ્તીથી કરતાં અધિક દુર્ગતિ થાય. મનુષ્ય ૭મી નરકનો અને નિગોદનો અધિકારી કહ્યો છે, તે આ દૃષ્ટિએ સુઘટિત છે.

૬૧ - ૨૪૩ - ધર્મનો અનાદર અનન્તાનુબંધી કષાય છે.

કૃતજ્ઞતા ભાવને ન વિકસાવનાર મનુષ્ય
મોટી દુર્ગતિનો અધિકારી થાય છે,
તેથી શાસ્ત્રકારોએ મનુષ્યમાત્રમાં આવશ્યક
એવા સર્વસામાન્ય ધર્મોમાં
કૃતજ્ઞતા ગુણની પ્રથમ ગણના કરી છે.
તે ધર્મને જીવન પર્યન્ત મનુષ્યે છોડવો જોઈએ નહિ.
જેનાથી જીવને ઐશ્વર્ય મળ્યું, તેને ભૂલી જવામાં આવે,
તો જીવની યોગ્યતા વિકાસ પામતી નથી.

ઉપકારીઓને ભૂલી જનાર તીવ્ર કષાયને આધીન છે.

મનુષ્ય કુદરતનું કરજ લઈને જન્મે છે.
એ કરજ અદા કરવામાં ન આવે તો માનવજીવન વ્યર્થ છે.
ઉપકારીઓને ન ભૂલવા એટલું જ નહિ,
પરન્તુ શોધવા માટે ફાંફાં ય મારવા જોઈએ.
નમસ્કારમાં કૃતજ્ઞતા છે, ભક્તિ છે, રાગ છે.
કૃતઘ્ન - ભાવહીન આત્મા Heartless છે.

કૃતજ્ઞતા એ કર્મયોગનું ભાન છે.

ધર્મની ઉત્પત્તિનું મૂળ કૃતજ્ઞતા ગુણ છે. જે મનુષ્યમાં કૃતજ્ઞતા નથી, તેને ધર્મની શરૂઆત જ થતી નથી. બધા દોષોમાં કૃતઘ્નતા એ મોટો દોષ છે. એ ન ટળે, ત્યાં સુધી તેને ધર્મનો અધિકાર જ પ્રાપ્ત થઈ શકતો નથી.

કૃતઘ્ન આત્મા પોતાને ક્ષમા કરી શકતો નથી, ભગવાનને ક્ષમા કરે છે. પોતે દેવાદાર છે, મોટું દેવું ચૂકવી શકતો નથી, તેથી પરમાત્માનું સ્વરૂપ લેણું જતું કરી શકે છે.

સીડીની સહાય વિના આગળ વધી શકાતું નથી, તેમ સમર્થની સહાય વિના મોક્ષમાર્ગ કાપી શકાતો નથી. જગતને પૂરેપૂરું જાણવા છતાં પોતાને ન જાણ્યો, તેણે કંઈ જાણ્યું નથી અથવા જાણવા છતાં કંઈ મેળવ્યું નથી.

'શરણાગમન' કૃતજ્ઞતા ગુણનો વિકાસ કરાવવાની સાથે પરહિતાર્થની ભાવના વિકસાવે છે,
જે ભાવના પુણ્યાનુબંધી પુણ્યનું ઉપાર્જન કરાવી,
જીવને મુક્તિપુરીમાં લઈ જાય છે.

સઘળું બળ મેળવવાનું સાધન કૃતજ્ઞતા છે.

સત્પાત્રને સઘળી સંપત્તિઓ આવીને વરે છે.

ગર્હા અને અનુમોદનપૂર્વકની શ્રદ્ધા વડે લઘુતા,
નમ્રતા, કૃતજ્ઞતા કેળવાય અને એ ૩ ગુણ એવા છે કે
જેનું સેવન કરનાર જીવને સત્પાત્ર બનાવે છે.

દ્રવ્યઅરિહંતનો ભાવ સર્વને સુખી કરવાનો છે.

ભાવઅરિહંતો દ્રવ્યસિદ્ધ છે.

ભાવસિદ્ધિનો સ્વભાવ સર્વને સુખી કરવાનો છે.

જે ભાવથી સ્વભાવ પ્રગટે, તેમાં ભાવ કરતાં ઉપકાર
કરવાનું અચિન્ત્ય - અનંત - અસંખ્ય સામર્થ્ય પ્રગટે છે.

ભાવમાં ઉપકાર કરવા માટે પ્રયત્નની જરૂર રહે છે,
સ્વભાવમાં પ્રયત્નની અપેક્ષા નથી અને ઉપકાર થાય છે.

તેને અંગ્રેજીમાં Effort and effortless
વચ્ચે રહેલા તફાવત જેટલો કહી શકાય.

જેના મૂળમાં ઉપકાર કરવાનો સ્વભાવ હોય, તેના
ફળમાં જે સ્વભાવ અધિક હોય, એ સમજી શકાય છે.

કૃતજ્ઞતા ગુણના સ્વામી અને
પરોપકાર ગુણના પ્રેરક તે અરિહંત દેવ.

અરિહંતની આજ્ઞામાં તર્કને અવકાશ જ નથી.
'ઉપકારને મોટો માનવો; અપકારને નાનો માનવો'
એ તર્કથી વિરુદ્ધ છે,
છતાં ધર્મ આજ્ઞાગ્રાહ્ય છે, તેથી તેમ માનવું જ જોઈએ.

કૃતજ્ઞતા માટે સિદ્ધનો નમસ્કાર સમર્થ

સિદ્ધના નમસ્કારમાં સકલ વિશ્વ અને
સાધુના નમસ્કારમાં વિશ્વ પ્રતિ સમત્વભાવ સમાઈ જાય છે.
સકલ વિશ્વ સિદ્ધ છે પણ અસિદ્ધ નથી,
તેથી સિદ્ધના નમસ્કારમાં વિશ્વને નમસ્કાર આવી જાય છે.
આમ કૃતજ્ઞતાગુણના વિકાસ માટે સિદ્ધનો નમસ્કાર સમર્થ છે.
જે પોતાના બધાં કર્મો પ્રભુને અર્પણ કરે છે, તે જગતમાં
પણ મોક્ષમાં જ છે. ઝાડનાં ફળ, નદીનાં પાણી અને
પૃથ્વીનું અનાજ પરોપકાર અર્થે છે, તેમ ધર્મીનું ધન પણ
પરાર્થ માટે છે. આપવું અને વાવવું બંને બરાબર છે.

મનુષ્ય જન્મનાં ૮ ફળ : પૂજ્યની પૂજા, દયા, દાન, તીર્થયાત્રા, જાપ, તપ, શ્રુતજ્ઞાન અને પરોપકાર.

પરોપકાર એ વિશ્વનો નિયમ છે.

આદાનપ્રદાનના નિયમ ઉપર વિશ્વનું સંચાલન છે. સૂર્ય, ચંદ્ર, મેઘ, પૃથ્વી, પાણી - એ સૌ તત્ત્વો ઉપરાંત અગ્નિ, વાયુ, આકાશ સૌને કાંઈ ને કાંઈ આપે જ છે. જે આપતાં નથી, તે નાશ પામે છે અને વિકૃત બને છે. આપો અને મેળવો. વાવો અને લણો. કરો અને પામો. પરોપકારમાં શ્રેષ્ઠ અથવા પ્રધાન પરોપકાર કરનારા અરિહંત પરમાત્મા છે, તેથી તેઓ સર્વના પૂજ્ય છે. આપણામાં વર્તુ જ્ઞાનાદિ ગુણોને વિકસિત કરનારાઓનો ઉપકાર માનવો જોઈએ કે તેઓ આપણને દૃષ્ટાંત આપી તેવા થવાનો બોધ આપે છે, માર્ગ દેખાડે છે. આપણાથી દુઃખી જીવોને જોઈને તેમનો ગુણ માનવો જોઈએ કે દુઃખ ભોગવે છે તેઓ અને કરુણાભાવ આપણામાં પેદા કરીને આપણી પાત્રતાને તેઓ વિકસાવે છે.

## પરમાત્માનું સાનિધ્ય આપણું કઈ રીતે ?

ઉપકાર કરનાર પ્રતિ પ્રેમ કરવો અને તેનું યથાશક્તિ હિત કરવું, એ કોઈ પરાર્થ કે પરોપકાર નથી, પરંતુ આપણો ખરો સ્વાર્થ છે. પ્રાણીમાત્ર પ્રતિ પ્રેમ કરવાથી અને તેમનું યથાશક્તિ હિત કરવાથી આપણે તેમનું જેટલું હિત કરીએ છીએ, તેના કરતાં આપણું પોતાનું અનેકગણું હિત કરીએ છીએ, કારણકે જે પ્રમાણમાં આપણે પ્રાણીમાત્ર પ્રતિ આપણો પ્રેમ દર્શાવીએ છીએ, તે પ્રમાણમાં આપણે પરમાત્માના નિયમને અનુસરીએ છીએ, પરમાત્માના સ્વભાવને આપણામાં સ્ફૂટ કરીએ છીએ અને પરિણામે પરમાત્માનું સાનિધ્ય આપણું થઈ જાય છે. એ જ પ્રમાણે અન્યનો દ્વેષ કરવાથી આપણું અનેકગણું અધિક અહિત આપણે જ કરીએ છીએ.

કૃતજ્ઞતા, પરોપકાર, નિઃસ્પૃહતા, નિઃસ્વાર્થતા વગેરે ગુણ છે.

વગર ઇચ્છે બધા ઉપકાર કરી જ રહ્યાં છે,
પછી ઇચ્છવાની જરૂર જ ક્યાં રહે ?

કૃતજ્ઞતા એકમાત્ર એવો સદ્ગુણ છે કે
જેના વડે જીવ પોતાની પાત્રતાનો વિકાસ કરી
અનંત સંપત્તિનો અધિકારી બની શકે છે.

'નમો અરિહંતાણં ।' આ પદના ૭ અક્ષરો જે જપે,
તે શીઘ્રપણે ભવરૂપી દાવાનળનો ઉચ્છેદ કરે છે,
કારણકે તેમાં 'આત્મા એ જ પરમાત્મા'
એવી ભાવના સતત થયાં કરે છે એટલું જ નહિ, પરન્તુ
આવા ઉચ્ચ કોટિનું દાન જેમના તરફથી આપણને મળ્યું,
તેમના પ્રતિ કૃતજ્ઞતાનો ભાવ સતત કેળવાયા કરે છે.

કૃતજ્ઞતાપતયે: । પરાર્થવ્યસનિન: । અર્થાત્
કૃતજ્ઞતા ગુણના સ્વામી તીર્થંકરો પરાર્થવ્યસની હોય.

આ બંને વ્યવહારનયના વચન છે.
'જીવ બધા આપણા ઉપર ઉપકાર કરનારા છે'
એ સ્વીકારવું, તે કૃતજ્ઞતા ગુણને કેળવનાર છે.
તેમાંથી જ પરાર્થવ્યસનિતા પ્રગટે છે.
તેમાંથી નિશ્ચયનો સિદ્ધાંત નિષ્પન્ન થાય છે.

## કૃતજ્ઞતા ગુણનો પ્રભાવ

બીજાએ કરેલા ગુણને જાણવા અને ભૂલવા નહિ, એથી ક્ષાન્ત્યાદિ અને જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિ થાય છે. ગુણ કોણે કર્યો નથી? અર્થાત્ વસ્તુમાત્રથી ગુણ થાય છે, પછી તે ચેતન હોય યા જડ. તેથી પ્રત્યેકથી થતાં ગુણને જાણવાથી, ન ભૂલવાથી, સતત સ્મૃતિપથમાં રાખવાથી ક્ષમા, મૈત્રી તથા નમ્રતા, સરલતા, સંતોષ, સંયમ, તપ, સત્ય, શૌચ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય ગુણોની વૃદ્ધિ થાય છે. બીજાથી હંમેશા ઉપકાર જ થાય છે, અપકાર થતો જ નથી. બીજાનો પોતાના ઉપર થઈ રહેલો ઉપકાર ન માનવાથી જ અપકાર થાય છે, તેથી પોતાના અપકારને ન ઈચ્છવાવાળાએ બીજાનો ઉપકાર જ માનવો જોઈએ, અપકાર નહિ. બીજાનો અપકાર વિચારવાથી સમ્યક્ત્વગુણ નાશ પામે છે, ઉપકાર વિચારવાથી શમ - સંવેગાદિ ગુણો વધે છે. બીજાનો ઉપકાર માની પ્રત્યુપકાર માટે સતત પ્રયત્નશીલ રહેનાર જ સમતા - શાંતિ - સુખનો અનુભવ કરી શકે છે.

# કૃતજ્ઞતા અને પરોપકાર

(૧) 'ભગવાન મારું કરે છે' એનો સ્વીકાર એ કૃતજ્ઞતા ગુણ છે.
વ્યવહારનયનો સિદ્ધાંત કૃતજ્ઞતા ગુણનો પોષક છે,
કારણ કે તે એમ માને છે કે ભગવાન ભક્તનું કરી શકે છે.

(૨) 'હું જ મારું કરી શકું છું'
એનો સ્વીકાર એ પરોપકાર ગુણ છે.
નિશ્ચયનયનો સિદ્ધાંત પરોપકાર ગુણનો પોષક છે,
કારણ કે તે એમ માને છે કે કોઈ કોઈનું કરી શકતું નથી.

કૃતજ્ઞતા અને પરોપકાર ગુણસિદ્ધિ માટે 3 ભૂમિકા:

(૧) સદાચાર પહેલી ભૂમિકા moral life છે.

(૨) ધર્માચાર બીજી ભૂમિકા relegious life,
જેમાં દાન - પૂજન એ ધર્મ છે.

(3) ભાવાચાર ત્રીજી ભૂમિકા Spiritual life,
જેમાં જ્ઞાન - ધ્યાન એ ધર્મ છે.

પરોપકારમાંથી દાન અને જ્ઞાન પોષાય નહીં,
કૃતજ્ઞતામાંથી પૂજન અને ધ્યાન પોષાય.

# રાગ-દ્વેષને નાશ કરવાનો ઉપાય

પ્રાપ્ત પદાર્થો ઉપર રાગભાવ નિવારવા માટે
એ પદાર્થો બીજાની કરૂણા વડે પ્રાપ્ત થયાં છે,
તેમના ઉપકારનું સ્મરણ સતત રહેવું - વિસ્મરણ ન થવું,
એ કૃતજ્ઞતા રૂપ ગુણસાધના બને છે.

કૃતજ્ઞતા ગુણ એમ જણાવે છે કે:
બીજાઓ આપણને ગુણ કરે છે.

પરોપકાર ગુણ એમ સૂચવે છે કે:
આપણે બીજાઓનું ભલું કરી શકીએ.

બીજાનું ભલું કરતાં અભિમાનાદિ દોષ ન આવે, એ
માટે 'બીજાનું ભલું કરવાથી આપણું જ ભલું થાય છે'
એ નિશ્ચયનયનું તત્ત્વજ્ઞાન ઉપકારક થાય છે.
'આપણું ભલું થવામાં બીજાનો પણ હિસ્સો છે' એ
વ્યવહારનયનું તત્ત્વજ્ઞાન કૃતજ્ઞતા ગુણમાં પ્રેરક બને છે.
ઉપાદાન તરીકે પોતે અને નિમિત્ત તરીકે બીજા,
એ રીતે કાર્યોત્પત્તિમાં બંને કારણ છે,

તેથી બાળકોનો ઉપકાર માનવાનું અને
બાળકો ઉપર ઉપકાર કરવાનું ફલિત થાય છે.
જેમાંથી એક પણ ચૂકીએ તો 'ઉભય કારણથી કાર્યની
ઉત્પત્તિ થાય છે' એ સત્યનો ઇન્કાર કર્યો ગણાય.
કૃતજ્ઞતા ગુણ રાગભાવ ઉપર પ્રહાર કરે છે અને
પરોપકાર ગુણ દ્વેષભાવ ઉપર ઘા કરે છે.
દ્વેષભાવને જીતવા પરોપકૃતિ ગુણ આવશ્યક છે અને
રાગભાવને જીતવા માટે કૃતજ્ઞતા ગુણ સહાયક છે.
આ રીતે રાગ-દ્વેષને જીતવા માટેનું તત્ત્વજ્ઞાન
વ્યવહાર - નિશ્ચયના તત્ત્વનો બોધ અને આચરણમાં
કૃતજ્ઞતા અને પરોપકાર ગુણનું પાલન છે.
કરુણાથી જે મળે, તે માંગવાથી કદી ન મળે.
તીર્થંકરો જીવો પરની કરુણાથી સર્વોત્કૃષ્ટ પદ મેળવે છે.
તીર્થંકરો ઉપર કરુણા રાખવાથી કૃતજ્ઞ બનીએ છીએ.
એ કરુણા જ પરોપકારની વૃત્તિવાળા બનાવે છે, કેમકે
તેમાં જ તીર્થંકરો પ્રત્યેની કરુણા કૃતાર્થતા અનુભવે છે.

કૃતજ્ઞતા ગુણનું મહત્ત્વ અપરંપાર છે કે જે
વિશિષ્ટ નિપુણમતિ વિના સમજમાં આવવું મુશ્કેલ છે.
જેમ દયા, દાક્ષિણ્ય ગુણોનું પાલન ભદ્રકપરિણતિ માંગે,
તેમ કૃતજ્ઞતા તથા પરોપકાર વગેરે ગુણો અને
તેનું મહત્ત્વ સમજવા વિશિષ્ટ નિપુણમતિની આવશ્યકતા છે.
જે વસ્તુ જેના તરફથી મળી હોય, તેનું વિસ્મરણ થવું,
એ દોષરૂપ અને તેનું સ્મરણ રહેવું, એ ગુણરૂપ છે.
જેમ વર્તમાન કાળે આપણને ઘણા વસ્તુઓ નથી મળી,
તેમ ઘણી મળી પણ છે. જે નથી મળી, તેનો અસંતોષ છે,
તેમ જે મળી છે, તેનો સંતોષ પણ અનુભવવો જોઈએ.
પોતાનો આત્મા મુક્તિમાર્ગ માટે લાયક છે કે કેમ એનું
ખરેખરું જ્ઞાન તો 'તે પોતે કૃતજ્ઞતા ગુણનો સ્વામી છે
કે નહિ' તેના જ્ઞાન ઉપર આધાર રાખે છે. જો કૃતજ્ઞતા
ગુણ ઉપર પોતે વિજય મેળવી શક્યો નથી, તો પોતે
નવીન ગુણોનું પાત્ર કે ભાજન બની શકે તેમ નથી, એવું
સચોટ જ્ઞાન વિશિષ્ટ નિપુણમતિ વિના આવી શકતું નથી.

પ્રાપ્ત ગુણોનો સદુપયોગ કરવાની ચાવી કોઈ હોય,
તો તે કૃતજ્ઞતા ગુણ છે.

તે ગુણના અભાવમાં પ્રાપ્ત ગુણ અહંકારનાં કારણ બને છે, સદુપયોગ થવાને બદલે તે બીજાઓને ત્રાસ આપવાના દુરૂપયોગમાં મોટે ભાગે વપરાય છે. આવા અનર્થોથી બચાવી લેનાર એક કૃતજ્ઞતા ગુણ છે, તેથી તેનો સ્વીકાર કરવા તત્પર થવું, એ જ બુદ્ધિનું સાચું ફળ છે. શાસ્ત્રકારોએ વારંવાર કાયોત્સર્ગનું ફરમાન ઉપદેશ્યું છે, કેમકે કાયોત્સર્ગની ક્રિયા અને તેમાં તીર્થંકર દેવોના નામસહિત ગુણ સંકીર્તન - એ એક પરમોચ્ચ ક્રિયા છે.

તે વડે જીવાત્મા અદ્ભુત વિકાસને પામે છે, અહંતા અને મમતા ઓગળી જાય છે તથા કૃતજ્ઞતા અને પરાર્થતાની ઉદાત્ત વૃત્તિઓ તેના ટોચે પહોંચે છે.

'મંત્રની જીવનમાં શી જરૂર છે?' એમ કહેનારો મનુષ્ય 'કાંટા ઉપર જેને ચાલવું છે, તેને પગરખાંની શી જરૂર છે?' એના જેવો જ પ્રશ્ન ઊભો કરનાર છે.

જાણકારોએ કરેલા ઉપકારનો પ્રત્યુપકાર એ કૃતજ્ઞતા છે.
જેમ કૃતજ્ઞતાના મૂળ અને ફળમાં પણ પરોપકાર છે,
એ જ રીતે પરોપકારના મૂળ અને ફળમાં પણ કૃતજ્ઞતા છે.
કૃતજ્ઞતા ગુણનું પાલન કરતી વખતે પરોપકારગુણની
વૃદ્ધિ થાય છે. તેમ જ રીતે પરોપકારનું બીજ પણ
કૃતજ્ઞતા અને ફળ પણ કૃતજ્ઞતાગુણની જ સિદ્ધિ છે.

કૃતજ્ઞતા ગુણના ભંડાર આપણ

(૧) પોતે કોઈને પીડા કરે નહિ.

(૨) અપકારી ઉપર પણ ઉપકાર કરનાર.

(3) માર્ગાનુસારિતા, સૌજન્ય અને કૃતજ્ઞતા ધરાવનાર.

પરપીડાપરિહારી અને પીડાકારી ઉપર ઉપકારી આપણ
જેવા ઋષિપુરુષોની જગત ઉપર સૌથી મોટી દેન છે.
સજ્જન પુરુષોના કાન શાસ્ત્ર સાંભળવા વડે શોભે છે
પણ અલંકારોના કુંડલ વડે નહીં અને
હાથ જેમ દાન વડે શોભે છે - કંકણ વડે નહીં, તેમ
આ શરીર પરોપકાર વડે શોભે છે - ચંદન વડે નહીં.

## પરાર્થસેવન માટે લાયક કોણ ?

સ્વાર્થવૃત્તિનો ત્યાગ કરવા માટે શીલ અને તપધર્મ છે
તથા પરાર્થવૃત્તિ પ્રગટાવવા દાન અને દયાધર્મ છે.
કુશીલ સેવનાર પરાર્થપરાયણ કેમ બનશે ?
ઇચ્છાઓ ઉપર અંકુશ ન મૂકનાર પણ
પરાર્થસેવન માટે લાયક રહી શકતો નથી.
પરાર્થવૃત્તિ જેમ દાનધર્મથી વિકસિત થાય છે, તેમ
શીલ અને તપધર્મ પણ પરાર્થવૃત્તિને વિકસાવે છે.
શીલ અને સદાચારનું પાલન ન કરવામાં આવે, તો
પરાર્થભાવ ટકી ન શકે. પરાર્થભાવને પોષવા માટે જ શીલ
અને સંયમ આવશ્યક છે, તેથી ધર્મ એક જ સિદ્ધ થશે.
સ્વાર્થત્યાગ, પરાર્થપરાયણતાની વૃત્તિ અને
તદનુસાર પ્રવૃત્તિ - એજ ખરો ધર્મ છે.
સર્વ જીવવિષયક મૈત્રી ન હોય,
તો અહિંસા કેમ પળે ? અસત્ય કેમ છૂટે ?
ચોરી અને જારી, અબ્રહ્મ અને પરિગ્રહ દોષરૂપ કેમ લાગે ?

ક્રોધ, માન, માયા કે લોભ ત્યાં સુધી જ ખ્યાતિ ધરાવી શકે,
કે જ્યાં સુધી સર્વજીવવિષયક મૈત્રીભાવ પ્રગટ્યો નથી.

સર્વ જીવને સમાન માન્યા પછી ક્રોધ કોના ઉપર?
માન, માયા કે લોભ કોના ઉપર?

ધર્મનું કોઈપણ અંગ ધર્મ ત્યારે જ બને કે જ્યારે તે સર્વ જીવો પ્રત્યેના સ્નેહના આવિર્ભાવ રૂપે હોય.

અનંતકાળની કાળી કેદમાંથી છોડાવનાર સિદ્ધ ભગવંતનો ઉપકાર અતીન્દ્રિય છે. તીર્થંકરો તો પછી ઉપકાર કરી શકે છે. જે ઉપકાર અરિહંત નથી કરતાં, તે સિદ્ધ ભગવંતો કરે છે. સિદ્ધની ઉપાસના કરવાથી સિદ્ધના જીવો સાથે આપણું અનુસંધાન થાય છે. અરિહંતોને પણ આદર્શ સિદ્ધનો છે.

'યોગદૃષ્ટિ સમુચ્ચય'માં કહ્યું છે કે :

શ્રુતાદિ ગુણત્રયની પ્રાપ્તિનું પરમ કારણ,
યોગી મહાત્માઓને સિદ્ધ અને અવન્ધ્ય ફળ નિષ્પાદક
એવું પરિશુદ્ધ પરોપકારત્વ કહ્યું છે.
જે કારણથી પરોપકારમાં અભિનિવેશ રાખવો.

દ્રવ્યોપકાર - ભાવોપકાર અંગે...

(૧) દ્રવ્ય વડે ઉપકાર (૨) ભાવ વડે ઉપકાર.

ભાવ વડે ઉપકાર કરનારાઓમાં સૌથી શ્રેષ્ઠ નંબર
અરિહંત પરમાત્માઓનો આવે છે.

તેમના જેટલો વિશાળ ભાવ બીજાઓમાં સંભવતો નથી.
તીર્થંકરો સ્વયમેવ જગતના જીવોને ભાવ આપે છે.
એ ભાવ એટલો પ્રબળ હોય છે કે
તેની સરખામણીમાં જગતના અન્ય જીવોના
તમામ શુભ કે અશુભ ભાવોનું બળ કાંઈ વિસાતમાં નથી.

ધર્મહીન આત્માને ધર્મ પમાડવો, એ ભાવોપકાર છે અને
તે દ્રવ્યોપકાર કરતાં વધુ શ્રેષ્ઠ છે.

એનો અર્થ એ થયો કે સ્વાર્થભાવમાં રહેલાં આત્માઓને
પરમાર્થભાવવાળા બનાવવા, એ આપણું કર્તવ્ય છે.

પરાર્થવ્યસનિતા અને કૃતજ્ઞતાસ્વામિતા પરસ્પર પૂરક છે.
પરાર્થવ્યસનિતાનું બીજ કૃતજ્ઞતાપતિતા છે,
કૃતજ્ઞતાપતિતાનું બીજ પરાર્થવ્યસનિતા છે.

ભક્તિ - ભજવાની શક્તિ જ ભગવદ્ભાવની જનેતા છે.

તેવા ભક્તિનું ઉદ્ગમ સ્થાન કૃતજ્ઞતા ગુણ છે.

કૃતજ્ઞતા ગુણ પરાર્થતા લાવે, પરાર્થતા ભગવદ્ભાવ લાવે.

ભગવદ્ભાવ પ્રત્યેનો ભક્તિભાવ

એ પણ કૃતજ્ઞતા ગુણનો જનક છે,

તેથી પાછો પરાર્થતા - ભગવદ્ભાવ જન્મે. ભગવદ્ભાવ,

પરાર્થતા, કૃતજ્ઞતા અને ભક્તિને પરસ્પર સંબંધ છે.

ભક્તજનો કૃતજ્ઞ, હિતકારી, સુખકારી, ગુણરાગી, ભીરૂ,

લજ્જાવાન, અશઠ, સત્યવાદી, સૌમ્ય, અક્રૂર,

મધ્યસ્થ, અક્ષુદ્ર, નિર્લોભ, અક્રોધી અને અભેદી હોય છે.

બધા પ્રકારના સદ્ગુણો પ્રેમભાવનો જ વિસ્તાર છે.

જગતને ખુશ કરવા વસ્તુઓ આપો,

ભગવાનને પ્રસન્ન કરવા જીવમાત્રને પૂર્ણ પ્રેમ આપો.

જેઓનું મુખ પ્રસન્નતાનું ઘર, હૃદય દયાથી ભરેલું,

વાણી અમૃત જેવી મીઠી તથા કાર્ય પરોપકારવાળું હોય,

તેઓ કોને વંદનીય ન હોય?

ભગવાનની ઈચ્છા બધાને સુખી કરવાની હોવા છતાં બધા સુખી થતાં કેમ નથી? કારણકે બધા ભગવાનની ઈચ્છા પ્રત્યે કૃતજ્ઞતાભાવ ધારણ કરી શકતાં નથી.

કૃતઘ્ન આત્માનું કદી કલ્યાણ ન થાય.

સૌનું કલ્યાણ ઈચ્છનાર ભગવાન પ્રત્યે જેઓ કૃતજ્ઞતા ગુણથી દીન મનવાળા થઈને સંતપ્ત બને છે, તેઓ પોતાની નમ્રતાના કારણે જ નહિ, પરંતુ ભગવાનની પ્રબળ ઈચ્છાના કારણે સર્વ દુઃખથી મુક્ત થઈ જાય છે.

'સવિ જીવ કરું શાસનરસી'ની ભાવનામાં પરોપકાર અને કૃતજ્ઞતા ઉત્કૃષ્ટપણે રહેલાં છે.

મોક્ષસુખ પમાડવાની ઈચ્છા પાછળ ઉત્કૃષ્ટ પરોપકારવૃત્તિ અને બધાંને પમાડવાની ઈચ્છા ઉત્કૃષ્ટ કૃતજ્ઞતાભાવ છે. સંસાર પરિભ્રમણમાં પોતાનો જીવ બધાના ઉપકાર તળે ધ્યેયરૂપે, સેવ્યરૂપે, અભિધેયરૂપે, હેયરૂપે કે ઉપાદેયરૂપે, કોઈને કોઈ પ્રકારે તથા સચેતન - અચેતન આદિ સર્વ પદાર્થો કોઈને કોઈ પ્રકારના સંબંધરૂપે આવેલો છે.

જ્યાં પ્રત્યે સાચો કૃતજ્ઞતાભાવ હોય,
તો ઉપકાર પ્રત્યે પ્રત્યુપકાર કરવાની વૃત્તિ જાગે જ.
એનું જ નામ 'પરોપકારભાવ' છે.

પરને ઉપકાર કરવા માટે થતાં ઉપકાર કરતી વખતે એવો ભાવ થવો જોઈએ કે: 'પર મારા ઉપકારી છે, માટે પ્રત્યુપકાર કરવો જોઈએ, અન્યથા કૃતઘ્ની બનું.'

કૃતઘ્નતા રૂપી પાપનું પ્રાયશ્ચિત કરવાને અર્થે થતું પરોપકાર ગુણનું પાલન - તે જ યથાર્થ પરોપકાર છે. એ વૃત્તિ વિરહિત થતો પરોપકાર એ પરોપકારાભાસ છે.

પરોપકારને નિર્મળ બનાવનાર કૃતજ્ઞતાભાવ છે અને
કૃતજ્ઞતાને નિર્મળ બનાવનાર પરોપકારભાવ છે.

બંને એકબીજાના પૂરક હોઈ મળીને સદ્ગુણરૂપ બને છે. છૂટાં પડેલા બંને સદ્ગુણાભાસ છે અને બંનેને ઉત્પન્ન કરવામાં કારણ 'શિવમસ્તુ સર્વ જગતઃ ।' ભાવ છે.

એ ભાવ જ્યાં સુધી પ્રગટતો નથી, ત્યાં સુધી મહાપ્રમાદ, મહાપ્રજ્ઞાપરાધ, મહાસ્મૃતિભ્રંશ ચાલુ રહે છે.

# પંચપરમેષ્ઠિમાં શું પ્રશસ્ય?

અરિહંતોનો ઉપકાર, સિદ્ધોનો આધાર,
આચાર્યનો આચાર, ઉપાધ્યાયનો વિચાર, સાધુનો સત્કાર.
નમો = કૃતજ્ઞતા, દાન અને વિનયની સરિતા - જય.
અરિહંતાણં = પરોપકાર, વિવેક, પૂજનનો સાગર - શિવ.
કૃતજ્ઞતા અને પરોપકારની જો માત્રા વધ્યાં વિના
જૈનત્વનું સંભવે નહિ. આશયની વિશાળતા વગર,
હૃદયના વિકાસ વગર અને બુદ્ધિની સૂક્ષ્મતા વગર
જૈનત્વ કે જૈનધર્મ નહિ. 'જન' ઉપર જ્યારે ભાવ
અને ક્રિયાશક્તિની જો માત્રા વધે, ત્યારે જૈન બને.
પોતાની કૃતજ્ઞતાનો સાક્ષાત્કાર કરે, તે જ નમ્ર થઈ શકે.
કૃતજ્ઞતા, સહાનુભૂતિ, ક્ષમાશીલતા અને
સહિષ્ણુતા વગેરે ગુણો એ માનવતાનો વિકાસ છે.
સ્વાર્થ = નિષ્ઠુરતા. તેને દૂર કરવા પરાર્થ જોઈએ જ.
તે વિના હૃદય કોમળ બને નહિ.
હૃદયને આર્દ્ર કરવાનો ઉપાય પરાર્થવૃત્તિ - પ્રવૃત્તિ છે.

## કૃતજ્ઞતા અને પરોપકારભાવ જ તીર્થંકરત્વ.

ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળમાં જે જીવો સંસાર કે મોક્ષનાં સુખ પામ્યા છે, પામે છે અને પામશે, તેના પાછળ તીર્થંકર પરમાત્માની પુણ્યપ્રકૃતિ તથા તેનું ઉપાર્જન કરાવનાર પરોપકારવૃત્તિ તથા તેનું કારણ કૃતજ્ઞતાભાવ જ કારણભૂત છે. કૃતજ્ઞતાગુણથી ફલિત પરોપકારભાવ જ્યાં વર્તે છે, ત્યાં તીર્થંકરત્વ જ ગુણરૂપે કાર્ય કરે છે. તત્ત્વતઃ કૃતજ્ઞતા અને પરોપકારભાવ જ તીર્થંકરત્વ છે અને તેનાથી જ પુણ્યાનુબંધી પુણ્ય તથા તેનાં ફલ-સ્વરૂપ સંસાર અને મોક્ષના અવ્યાબાધ સુખ રહેલાં છે, એટલે સર્વજ્ઞ તીર્થંકરદેવના ધર્મનો અને જિનેશ્વરદેવના શાસનનો જ પ્રભાવ અવિચ્છિન્નપણે વર્તી રહ્યો છે.

પરોપકાર કરવો, એ આ જીવનવૃક્ષમાં સારભૂત છે,
એ પુણ્યનું ચિહ્ન છે.

ઉપકાર કરવો, પ્રિય બોલવું, અકૃત્રિમ સ્નેહ કરવો,
આ બધો સજ્જનોનો સ્વભાવ છે.

નમસ્કાર મહામંત્ર સાધન છે, કારણકે પરોપકાર
વિશ્વપ્રેમ, સદાચાર, સદ્વિચાર, મોક્ષાભિલાષ સાધન છે.
વિશ્વના જીવો પ્રત્યે પ્રેમ એ જ અરિહંતત્વ છે તથા
મોક્ષની ઇચ્છા એ જ સિદ્ધત્વ છે.

પંચપરમેષ્ઠિમાં સદાચરણ,
ઉપદેશકતા, શુભચિંતન, પરોપકારકતા, પરસહાયકતા,
પરહિતકરતા અને પ્રેરકતા ગુણો પ્રશસ્તપણે રહેલાં છે.

'Law of Sacrifice અથવા તો
પરોપકારિતા મારી ફરજ છે' એ માનવને સમજાય,
પછી આ સમજણને માનવ આચારમાં પલોટે છે.
કૃતજ્ઞતાને જગાવનારો મહામંત્ર તે નવકાર મંત્ર છે.

આત્મા કદી ય અપ્રસન્ન હતો જ નહિ, અરે! એનો
કોઈ અપરાધ છે જ નહિ. આત્મા સૌથી સજાગ છે.
સજાગે નિર્જાગના અપરાધને સહી લેવો એ કર્તવ્ય છે.
પશ્ચાત્તાપ એ ચોરીનું મુખ્ય પ્રાયશ્ચિત છે અને
વૈરાગ્ય એ રાગ-દ્વેષ વિનાની સાચી સમજણ છે.

## શ્રી નવકાર એ કૃતજ્ઞતાનો મંત્ર

નવકાર એ કૃતજ્ઞતા અને પરોપકાર ગુણનું પ્રતીક છે.
સંસારમાં પ્રત્યેક પદાર્થની પ્રાપ્તિ પરની સહાયને લીધે છે,
તેથી કૃતજ્ઞતા ગુણ અનિવાર્ય છે.

બીજાના કરેલા ગુણને જાણવો, તે 'કૃતજ્ઞતા' છે.
તેથી જ્ઞાનાદિ અને ક્ષાન્ત્યાદિ ગુણોની વૃદ્ધિ થાય છે,
અન્યથા જ્ઞાનાદિ અને ક્ષમાદિ ગુણોનો હ્રાસ થાય છે.
બધી વસ્તુ પરના લીધે છે, તેથી કૃતજ્ઞતા જેમ કર્તવ્ય છે,
તેમ પર વસ્તુનો ઉપયોગ પર માટે કરવારૂપ પરોપકારગુણ
પણ અનિવાર્ય છે. અન્યથા પરવસ્તુના કેવળ ઉપભોગ
દ્વારા ચિત્ત - સંક્લેશ અને અસમાધિની જ વૃદ્ધિ થાય.
જેમ કૃતજ્ઞતાગુણ પરના ઉપકારના કારણે છે, તેમ
પરોપકાર ગુણ પણ તેના કારણે જ આદરવા યોગ્ય છે.
જ્યાં પરના ઉપકારથી જ જીવવાનું છે, ત્યાં કૃતજ્ઞતા
અને પરોપકાર હોવા જ જોઈએ, એ નૈસર્ગિક છે.
જો ન હોય તો નિસર્ગ વિરુદ્ધ છે, તેથી નિસર્ગ કોપે છે.

આ સિદ્ધચક્રના મધ્યમાં અરિહંતપદ એટલા માટે છે કે
તે ચારે ભાવનાં પ્રકર્ષવાન છે.

સૌથી ઉપર સિદ્ધપદ એ માધ્યસ્થ્યના પ્રકર્ષસૂચક છે,
આચાર્ય, ઉપાધ્યાય અને સાધુપદ - એ અનુક્રમે
કરુણા, પ્રમોદ અને મૈત્રીને સૂચવે છે.

આ સિદ્ધચક્ર યંત્રની ચાર વિદિશાના ચાર પદો પણ અનુક્રમે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને ઇચ્છાનિરોધ રૂપ માધ્યસ્થ્યભાવ - ઔદાસીન્ય ભાવને સૂચવે છે.

આ જિનશાસનની સમગ્ર આરાધનાનું કેન્દ્ર જીવમૈત્રી છે અને તેથી જ જિનશાસન મૈત્રીના પ્રકર્ષને પામેલા
આ જિનેશ્વર દેવોની ભક્તિરૂપ છે.

જીવમૈત્રી તથા જિનભક્તિ ઉપર જિનશાસનના મંડાણ છે. સર્વ તત્ત્વોમાં જીવતત્ત્વ પ્રધાન છે, તેથી જીવતત્ત્વનું પરમ હિત જે વડે થાય, તે માર્ગને આ 'જિનધર્મ' કહેવાય છે.

'જિનધર્મ'માં નમસ્કાર એ ભક્તિસ્વરૂપ છે અને
સામાયિક એ મૈત્રીસ્વરૂપ છે.

## 'મૈત્રી' એટલે ચેતનો વિસ્તાર.

'ચેતનો વિસ્તાર' એટલે...

વ્યાપક હિતના સાથે વ્યક્તિગત હિતના સમરસ થવું.

મૈત્રી કેળવાય એટલે સમષ્ટિનાં સુખ-દુઃખ
એ વ્યક્તિનાં સુખ-દુઃખ બની જાય. આવી મૈત્રી
અને કરુણામાંથી મુદિતા એટલે કે આનંદ જન્મે છે.

મૈત્રી, કરુણા અને મુદિતાના પાયામાં
જે અનાસક્ત ભાવ - તે ઉપેક્ષા બને છે.
આ ચારે ય ભાવ પરસ્પર આધારિત છે.

મનુષ્યના પ્રત્યેક પ્રશ્નનો સરળ ઉકેલ એક જ છે
અને તે છે ભલી લાગણી - ભલમનસાઈ.
એનું જ નામ મૈત્રી - કરુણા - મુદિતા - માધ્યસ્થ્ય છે.

મૈત્રી અને કરુણાની ભાવનાઓ જ માનવનું અને
માનવસમાજનું આંતરિક રૂપાંતર કરી શકે છે.
મૈત્રીથી ચિત્તની નિર્મળતા અને સામ્યનું રક્ષણ થાય છે,
પરોપકારથી ચિત્તની સ્થિરતા અનુભવાય છે.

(૧) ઉપદેશ = મૈત્રીભાવના, દર્શનયોગ.

(૨) ઉપકાર = પ્રમોદ, જ્ઞાનયોગનો ભજનો, આનંદદાન.

(૩) ઉદ્ધાર = કારુણ્ય, ચારિત્રયોગ, અભયદાન.

(૪) ઉન્નતીભાવ = માધ્યસ્થ્ય, તપોયોગ, ઉપશમ, સમતા.

મૈત્રી જગતી શમાવે આપણા વિશ્વને સ્વચ્છ કરે છે.

ભગવાનને કેસર, ચંદન, બરાસ, કસ્તુરી રૂપી મૈત્ર્યાદિ ભાવનાઓ રૂપી ભવસુગંધિ વિલેપન કરતાં આત્મા મિથ્યાત્વમોહ નાશ કરી સમ્યક્ત્વ પામે છે.

વિશ્વ ઉપર ખરેખર સામ્રાજ્ય જો વસ્તુનું છે: કર્મનો ન્યાય અટલ છે અને પ્રભુનો પ્રેમ અચૂક છે.

કર્મની ગતિ વિચિત્ર છે, માટે

નિરંતર મૈત્રી - પ્રમોદ - કરુણા - ઉપેક્ષાભાવના રાખો.

મૈત્રી = પોતાના સ્વાર્થ કે હિત નિમિત્તે અથવા અજાણ કે સાંધ-અજ્ઞાને કારણે વિક્ષિપ્ત ભાવને લેશ પણ દુઃખ ન પહોંચાડવું એટલે પછી એનો વધ થાય, એવી પ્રવૃત્તિને તો અવકાશ જ ક્યાંથી રહે?

To give is to receive.
Keep the hand open – [illegible].
Go right in giving aid to all,
who need anything from you – [illegible].
Only needed is that we keep the hand
open for all good gifts to flow out.
We cannot afford to withhold from
giving our time, our intellect,
our love and our money to them,
who need, because the universal
law is: withholding makes poorer.
Nature is forever giving with no
thought of return. Love always thinks
of giving, never thinks of receiving.
Nature says: All I have, is thine.

## 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથોના પ્રતિભાવમાં ક્રમશઃ આવેલ થોડાં પત્રોની અંશોક્તિઃ

**પ.પૂ. આચાર્યશ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબઃ** વાંચતા રોમરાજી વિકસીત થઈ જાય, એવો હૃદયના ઊંડાણપૂર્વકનો તાત્ત્વિક બોધક અમૂલ્ય શ્રુતવારસો વિશ્વમાં બીજે ક્યાંય મળે એમ નથી. નવકાર મહામંત્રના સમ્રાટશિરોમણી પં.શ્રી ભદ્રંકરવિ.મહારાજ સાહેબની રોજનીશીનું લખાણ ચૌદ પૂર્વનો એક ખજાનો જ છે.

- આ. રાજેન્દ્રસૂરિના ધર્મલાભ

**પ.પૂ. આચાર્યશ્રી ગુણરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબઃ** પં.શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ સાહેબના છૂપાયેલાં દિવ્યતત્ત્વના ખજાનાને બહાર પ્રગટ કરી સેંકડો લોકો સુધી પહોંચાડી અદ્દભૂત નિર્જરા કરી રહ્યા છો. આ જ રીતે સકલ કર્મોનો ક્ષય કરી શીઘ્ર મોક્ષસુખ પામો, એ જ શુભેચ્છા અને શુભ આશીર્વાદ.

- દ. મુનિ જિતરત્ન વિ.

**પ.પૂ. આચાર્યશ્રી યશોવિજયસૂરીશ્વરજી મહારાજ સાહેબઃ** આ સાહિત્યસેવા શબ્દાતીત ઘટના છે. બહુ જ ઝડપથી આ સરસ કાર્ય એમની દિવ્ય કૃપાથી જ થઈ રહ્યું છે. બાકી આ કાર્ય એટલે આ સદીનું એક શકવર્તી ઐતિહાસિક કાર્ય છે, જે હજારો ભાવકો સુધી સાહેબજીનું સાહિત્ય પહોંચી રહ્યું છે, અદ્દભુત! મારા સાધુઓ, મારી સાધ્વીઓ પૂજ્ય સાહેબજીના શબ્દ શબ્દને વાગોળતાં વાંચી-વાંચીને ઉછળે છે કે વાહ! શું સરસ અમને મળી ગયું છે!

- [illegible]

**પ.પૂ. આચાર્યશ્રી કલાપ્રભસૂરીશ્વરજી મહારાજ સાહેબઃ** તમે ગ્રંથ મોકલતા હર્ષ અનુભવો છો, તો અમે ગ્રંથ મેળવતાં આનંદ અનુભવીએ છીએ. પૂજ્ય પંન્યાસજી મહારાજનું આધ્યાત્મિક સાંન્નિધ્ય માણવાનું સૌભાગ્ય પૂ.ગુરૂદેવની સાથે મલ્યું હતું. આ ગ્રંથના દર્શનથી તેઓના હસ્તાક્ષરના દર્શન સાથે ભૂતકાળમાં માણેલા પૂજ્યશ્રીના સાંન્નિધ્યના મધુર સંસ્મરણો તાજા થઈને તન-મનને રોમાંચિત-પુલક્તિ બનાવી ગયાં. અમને યાદ કર્યા, ધન્યવાદ!

- કલાપ્રભસૂરિ

**પ.પૂ. આચાર્યશ્રી કીર્તિયશસૂરીશ્વરજી મહારાજ સાહેબઃ** નમસ્કાર મહામંત્રના સૂક્ષ્મ અનુપ્રેક્ષક પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવરશ્રીના હસ્તાક્ષરોની ડાયરીના પુનર્સર્જિત 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' વિહારાદિમાં સમય મેળવી શાંતિથી અવલોકન કરવાની ભાવના રાખી છે. મારા પરમ તારક, પરમ શ્રદ્ધેય, પરમ ગુરૂદેવ, વર્તમાનકાળના ટોચના ગીતાર્થ મહાપુરૂષ તપાગચ્છાધિરાજ પૂજ્યપાદ્ આચાર્યદેવ શ્રીમદ્વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના તેઓશ્રી વિનીત શિષ્યરત્ન હતાં. તેઓશ્રીના હસ્તાક્ષરના સાક્ષાત્ અવતરણરૂપ આ અક્ષયપાત્રોને અવકાશ મેળવી અવલોકવાનો વિચાર રાખી અત્યારે તેનો સ્વીકાર કરૂં છું.

– પ્યાન્ય કીર્તિયશ સૂરિ


**પ.પૂ. આચાર્યશ્રી રાજયશસૂરીશ્વરજી મહારાજ સાહેબઃ** 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથશ્રેણી હાથમાં આવતાં સાક્ષાત્ પંન્યાસ ભદ્રંકરવિજયજી મહારાજના દર્શન થયાં હોય, તેવો અનુભવ થયો. પરમ જિનભક્ત તેઓ હંમેશા વિચારતાંઃ પ્રભુભક્તિ કરતાં શ્રદ્ધા-મેધા-ધૃતિ અને ધારણા વધતાં જ જતાં હોય છે અને તેથી અનુપ્રેક્ષા પણ નિત્યનવીન થતી જાય છે. પૂજ્યશ્રીનો ષડ્દર્શનનો અભ્યાસ ગહન હશે, એ માનવું જ પડે છે. અદ્ભૂત કે 'નમો' અને 'ખમો'ના ઉપાસકનું ચિંતન સચવાયું. આ સાહિત્યના રસથાળનો નિરાગ્રહ ચિત્તે ઉપયોગ કરીને સૌ ધન્ય બને.

– વિજય રાજયશ સૂરિ

**પ.પૂ. આચાર્યશ્રી શીલચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબઃ** પૂ.પંન્યાસજી મહારાજનો સાક્ષાત્ પરિચય કરવાનો યોગ ન મળ્યો પણ વજ્રસેનવિજયજી મહારાજની મૈત્રી તથા સત્સંગ કાયમ રહ્યો, તેથી આ ગ્રંથોના માધ્યમથી પંન્યાસજી મહારાજનો સત્સંગ થતો રહ્યો છે. હવે વધુ અને નિરાંતવા થશે. ગ્રંથોમાં વહેતી સહજ ભાવધારા ચિત્તને પ્લાવિત, પલ્લવિત ને પ્રમુદિત કરી જાય છે. જેમને નવકાર મંગલ વિષે ઊંડાણથી જાણવું હશે, તેમને માટે તો આ સંપુટ સરસ રીતે ઉપયોગી થશે.

– શી.

ચરમ તીર્થંકર પ્રભુ મહાવીરનું સમોવસરણ



## પંચમહાભૂત અને મૈત્રીભાવ

ચારે ભાવનામાં મૈત્રી પ્રથમ છે. બીજી ભાવનાઓ મૈત્રીમાં સમાઈ જ જાય છે.
મૈત્રીમાં આપવાનું છે, રાગમાં લેવાનું છે. મૈત્ર્યાદિ ભાવોથી યુક્ત હોય, તે જ ધર્મ.




જેના કારણે પૃથ્વી અને આકાશ આધાર વગર રહેલ છે, સમુદ્ર પૃથ્વીને ડૂબાડતો નથી, અગ્નિ તિરછો બળતો નથી અને પ્રચંડ વાયુ ઉર્ધ્વપણે વા'તો નથી, એવા પંચપરમેષ્ઠી ભગવંતના ધર્મની શક્તિ અચિંત્ય છે.

www.fiestadesigns.in